[illegible]

[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

નહેરુ બાલ-પુસ્તકાલય

સુબ્રહ્મણ્યમ્ ભારતી

રા. અ. પદ્મનાભન્

ચિત્રાંકન

ગોપુન્નુ

અનુવાદ

ચન્દ્રકાન્ત મહેતા

નેશનલ બુક ટ્રસ્ટ, ઈંડિયા

છાયાચિત્રોના સહકાર માટે નીચેની વ્યક્તિઓના અમે આભારી છીએ :
૧. તમિલનાડુ સરકારનું માહિતી ખાતું
૨. "હિન્દુ" મદ્રાસ
૩. રા.અ. પદ્મનાભન્

1991 (શક 1913)

રૂ. 7.00

Subramania Bharati *(Gujarati)*

નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઇંડિયા, એ-5 ગ્રીન પાર્ક,
નવી દિલ્હી-110 016 દ્વારા પ્રકાશિત.

ભારતીનું જન્મસ્થાન



ઈશ્વરનો લાડકવાયો કવિ

ભવિષ્યમાં અમે શું કરીશું, અમારું કાર્યક્ષેત્ર કયું હશે, કઈ રીતે નામના મેળવીશું, એની ખબર બહુ થોડા લોકોને પડતી હશે. પણ કેટલાક જણને બાળપણમાં જ પોતાની અદ્ભુત શક્તિની ખબર પડી જાય છે. પોતાના જીવનમાં એ શું કરવાના છે તેની સૂઝ પણ એમને હોય છે. એવા લોકો ખરેખર નશીબદાર છે.


ખાસ કરીને મહાન કવિ, મહાન સંગીતકાર જેવાને પોતે કયે માર્ગે જવાના છે, તેની નાનપણમાં જ સૂઝ હોય છે. આપણે એવાઓને જન્મજાત કવિ કે સંગીતકાર કહીએ છીએ. વિદ્વાન કહીએ છીએ.

તો શું એવા જન્મજાત કવિ કે સંગીતકારની એમનાં કુટુંબીજનો કે આસપાસના લોકોને પણ ખબર પડી જાય છે? એવું તો કયારેક જ બનતું હોય છે.

સો વર્ષ પહેલાં તમિલનાડુની છેક દક્ષિણમાં તિરૂનેલવેલી જિલ્લાના એટ્ટયપુરમ્ ગામમાં ચિત્રભાનુ સંવતના કાર્તિક મહિનાના મૂળ નક્ષત્રમાં ૧૮૮૨ની ૧૧મી ડિસેંબરે સુબ્રહ્મણ્યમ્ ભારતીનો જન્મ થયો, અને એ બાળક હતા, ત્યારથી કવિતા તરફ પોતાનાં આકર્ષણની એમને ખબર પડી ગઈ હતી. પણ એમના પિતા વિચારતા હતા, કે પુત્રને અંગ્રેજી ભણાવીને ગણિત તથા યંત્રવિદ્યા શીખવીશ, એ મોટા અમલદાર બનશે અને ઢગલાબંધ કમાશે.

બધા સુબ્રહ્મણ્યમ્‌ને લાડથી "સુબ્બૈયા" કહીને બોલાવતા. સુબ્બૈયાને અંગ્રેજી ગમતું નહિ, અને ગણિત તથા યંત્રવિદ્યાની તો એને ચીઢ હતી. પિતાજી કહેતા "સવાલ પૂછ" ત્યારે એ મનમાં ને મનમાં "સવાલ પડ્યો રહ્યો, હવે ચાલ, બસ ચાલ" એમ બોલતા.

સુબ્બૈયા જયારે પાંચ વર્ષના હતા ત્યારે એમની માનું મૃત્યુ થયું. નમાયા બાળકની તરફ બધા ખૂબ પ્રેમથી વર્તતા. સુબ્બૈયા ઘરેથી પાટી અને ચોપડીઓ લઈને નીકળતા, પણ રસ્તામાં જ નિશાળે જવાનું છે એ વાત ભૂલી જતા, અને કોઈ આંબાવાડીમાં બેસીને કુદરતની સુંદરતાને જોયા કરતા.





આકાશમાં ઘૂમતી વાદળીઓ, સૂરજના તડકામાં ચમકતાં પાંદડાં, પંખીઓનો કલકલ અવાજ, આકાશમાં મન ફાવે ત્યાં ઊડતાં પંખીઓનાં ઝૂંડ, સંધ્યા સમયના આકાશના પલટાતા રંગો, જોઈ એ બોલતા—"હે દયાળુ પરમાત્મા ! તેં કેટલું બધું સુખ વેર્યું છે !"



પિતા માનતા કે તમિલ ભણવાથી નોકરી કે રૂપિયા કશું મળતું નથી. પણ બાળક સુબ્બૈયા છાનામાના એક વૃદ્ધ પંડિતને ત્યાં જતા અને "કંબ રામાયણ" વાંચતા. બાળપણના મિત્ર સોમસુંદરમની સાથે મંદિરના બહારના મંડપની પાછળ જઈને બેસતા અને તમિલ સાહિત્ય વાંચ્યા કરતા.

ભારતીની પદવી

બાળપણમાં જ સુબ્બૈયા કવિતા રચતા. કહેવાય છે, કે પાંચ છ વર્ષના હતા ત્યારથી જ નાનાં નાનાં ગીત ગાયા કરતા. પિતાજીથી છાનાછૂપા એટ્ટયપુરમના મહારાજની સભામાં જતા અને ત્યાં મોટા મોટા વિદ્વાનો સાહિત્યની ચર્ચા કરતા, ત્યાં બેસીને એ સાંભળતા. કોઈ કોઈ વાર તો એવી વાતો કરતા, કે જેની કોઈને કલ્પના પણ ન હોય. વિદ્વાનો અચંબામાં પડીને એમની પ્રશંસા કરતા તથા મહારાજ બાળકની બુદ્ધિ જોઈને રાજી રાજી થઈ જતા.

સુબ્બૈયાની ઉંમર એ સમયે અગિયાર વર્ષની હશે. એટ્ટયપુરમના મહારાજની સભામાં વિરુદ્દ શિવજ્ઞાન યોગી નામના પંડિતના પ્રમુખપણા નીચે, મોટા મોટા વિદ્વાનો એકઠા થયા. ચિન્નસ્વામી અય્યર પણ ત્યાં હતા. બીજા પણ ઘણા માણસો ત્યાં ભેગા થયા હતા.

બધા વિદ્વાનોની સામે સુબ્બૈયા નિશ્ચિન્ત ભાવે ઊભા હતા.

વિદ્વાનો એમને તમિલ વ્યાકરણ વિષે પ્રશ્નો પૂછે છે, અને બાળક ફટાફટ એના જવાબ આપે છે. યમક, ત્રિપુ જેવા ખૂબ અઘરા કવિતા વિષેના શબ્દો સમજાવવા એમને કહે છે અને એ બહુ સાધારણ વાત હોય એમ નિશ્ચિન્ત રીતે સમજાવે છે. વેણબા નામના છંદની છેલ્લી પંક્તિ સંભળાવી કવિતા પૂરી કરવાનું કહેવાય છે. ને સુબ્બૈયા તરત જ આખી કવિતા રચે છે. ક્યારેક પહેલી પંક્તિ આપીને "વેણબા" છંદ ગાવાનું કહેતાં એ ગાઈ બતાવે છે. ક્યારેક કોઈ ભાવ પર છંદમાં કવિતા રચવાનું કહેતાં, સુબ્બૈયા તરત જ કવિતા રચીને સંભળાવે છે.

વિદ્વાનો ખૂબ રાજી થઈ જાય છે. કોઈ એક કહે છે, "એની જીભ પર દેવી સરસ્વતીનો વાસ છે". બીજો કહે છે, "એને તો સરસ્વતીનું વરદાન છે". વિદ્વાનોના પ્રમુખ શિવજ્ઞાન યોગીએ આશીર્વાદ આપ્યા,"આપણા સુબ્બૈયાને સરસ્વતીનું વરદાન મળેલું છે. એ સરસ્વતીનો પુત્ર છે. આજથી હું એને 'ભારતી'ની પદવી આપું છું, જેનો અર્થ છે સરસ્વતીની કૃપા મેળવનાર. આપણો સુબ્બૈયા હવે સુબ્રહ્મણ્યમ્ ભારતી તરીકે ઓળખાશે." આ છે સુબ્બૈયાની 'ભારતી' બનવાની વાત.





સુખ અને દુઃખ



ભારતી ફક્ત ચૌદ વર્ષના હતા, ત્યારે એમનાં લગ્ન થયાં. એ જમાનામાં એવો રિવાજ હતો. વહુ ચેલ્લમ્મા ફક્ત સાત વર્ષની હતી.

ચાર દિવસ લગ્નની ધામધૂમ ચાલી. એ તો એટ્ટયપુરમના મહારાજના લાડકા શિષ્ય હતા ને! આસપાસના જમીનદારોએ રેશમી શાલ, વીંટીઓ તથા મોતીની માળાઓ મોકલી. સોનાનું નાદસ્વરમ્ (ઢોલક જેવું વાદ્ય) વગાડનારા પ્રસિદ્ધ વિદ્વાન રત્નસ્વામીના સંગીતથી વાતાવરણ ગૂંજી ઊઠયું. જાણીતી રમણી અમ્માએ ભરતનાટ્યમ્ નૃત્યથી લોકોને પ્રસન્ન કરી દીધા. બાળક ભારતી ખૂબ ખુશ હતા. એમણે એમની પત્ની વિષે એક પ્રેમકાવ્ય રચ્યું.

પછીના વર્ષમાં એક દુઃખદ પ્રસંગ બન્યો. ગોરા અંગ્રેજની કપટી ચાલથી ભારતીના પિતાને રૂના કારખાનામાં જંગી ખોટ આવી. ભારતીના ભણતર માટે પણ પૈસા બચ્યા નહિ. બાળકે એટ્ટયપુરમ મહારાજના કાકાને કવિતામાં જ એક પત્ર લખ્યો, ને એમની મદદ માંગી.

ભારતીનું શિક્ષણ તિરૂનેલવેલીમાં ચાલુ રહ્યું. એવામાં ભારતીના પિતાજી નુકશાનનો આઘાત સહન ન કરી શકયા અને એ જ વર્ષમાં એમનું મૃત્યુ થયું. મા તથા બાપ બન્નેનો આધાર ન રહેતાં બાળક ભારતી એટ્ટયપુરમથી ઉત્તર પ્રદેશમાં કાશીમાં એમની ફોઈ રહેતાં હતાં, તેમને ત્યાં રહેવા ચાલી ગયા.

કાશી અને ગંગા

કાશી નગરીમાં આખો ભારત દેશ સમાયો છે. દેશના જુદા જુદા પ્રદેશોમાંથી લોકો અહીં આવીને વસે છે. ભારતની વિશાળતા, ભિન્ન ભિન્ન પ્રકારના લોકો તથા એમની સંસ્કૃતિનો પરિચય કાશીમાં રહેવાથી સારા પ્રમાણમાં થાય છે. કાશીમાં ભારતી એમની ફોઈ કુપ્પમ્માલને ત્યાં રહ્યા તથા જયનારાયણ વ્યાસ કોલેજમાં દાખલ થઈ અલ્હાબાદ વિશ્વવિદ્યાલયની પ્રવેશ પરીક્ષા માટે તૈયારી કરવા લાગ્યા.

ગંગાને કિનારે હનુમાન ઘાટ છે. ત્યાં એક શિવમઠ છે. ભારતીના ફુઆ એ શિવમઠના વડા હતા.

ભારતીને કાશીમાં આવ્યાને થોડો સમય થયો ત્યાં એ દાઢી કરીને તથા મૂછ પણ સાફ કરીને કોલેજમાં જતા.

એક દિવસ એક મિત્રે પૂછ્યું, "તમારા ઘરમાં કોઈ મરી ગયું છે?"

ભારતી કંઈ સમજ્યા નહિ. મિત્રે સમજાવ્યું કે ઉત્તર ભારતમાં એવો રિવાજ છે કે સગામાં કોઈનું મરણ થયું હોય તો મૂછ મૂંડાવી નાખે.

ભારતી ખડખડાટ હસી પડ્યા. એમણે કહ્યું કે દક્ષિણમાં મોટા ભાગના બ્રાહ્મણો મૂછ રાખતા નથી. એ પણ એવા પરિવારમાં ઉછર્યા હોવાથી એમણે મૂછ રાખી નથી. પણ આ પ્રસંગ પછી ભારતીએ મૂછ રાખવા માંડી. લાંબી ભરાવદાર મૂછોને કારણે એમના મુખ પર એક નવી ચમક આવી. એટલું જ નહિ પણ ઉત્તર ભારતના લોકોની જેમ ધોતિયું અને



કોટ પહેરવા લાગ્યા, અને માથે ફેંટા બાંધવા લાગ્યા. આ રીતે પ્રચલિત અને પહેલેથી ચાલતો આવેલો રિવાજ છોડીને એમણે નવો રિવાજ અપનાવવાનું સાહસ કર્યું.

કાશી નગરીએ ભારતીના મનને વિશાળ બનાવ્યું. ત્યાંનાં ભારતની સંસ્કૃતિનાં વિવિધ રૂપોનો એમના ચિત્ત પર ઘેરો પ્રભાવ પડ્યો. એમણે ભારતની એકતાનો અનુભવ કર્યો. એમણે લખ્યું :—

"હવે એવું કંઈ કરીએ કે
કાશી નગરીમાં વિદ્વાન જે કંઈ કહે
તે કાંચી નગરીમાં આપણે સાંભળીએ."
તથા
"કાવેરીના કિનારાના ભાજીપાલાના બદલામાં
ગંગાના તટ પરનાં ખેતરોનાં ઘઉં આપણને મળે."

એમના આરંભનાં કાવ્યોમાં એમણે જે હૃદયના ભાવો વ્યક્ત કર્યા છે, તેમાં કાશીના પ્રવાસની અસર સ્પષ્ટ રીતે જણાય છે.

તે સિવાય પોતે ભારતીય છે, તેના અભિમાનને દર્શાવતાં એમણે ભારત વિષે જે ગીતો લખ્યાં છે, તેમાં ગંગા તરફ એમને જે અઢળક પ્રેમ હતો, તે અસરકારક રીતે પ્રગટ થયો છે.

"હિમાલય આપણો પોતાનો છે.
એની તુલના ન થાય કદિ,
મધુર જલમયી ગંગા
એ પણ આપણી પોતાની છે.
છે જગમાં એવી કયી પવિત્ર નદી ?"





ભારતીના પહેરવેશ, એમના વર્તન વગેરેમાં જે ફેરફાર થયો, તે એમના ફુઆને જરાય ગમ્યો નહિ. એ તો હતા બિલકુલ રૂઢિચુસ્ત. ભારતીની મૂછો, એમના કપાવેલા વાળ તથા એમનો ફોટો જોઈને એ ભડકી ગયા. એ તો વહી ગયો છે, એમ માનીને એમની જોડે એ ન તો ખાતા કે ન બોલતા. પણ એકવાર માગશર મહિનામાં ભારતીના પ્રભાવનો અનુભવ થતાં, એ તદ્દન બદલાઈ ગયા.



ભારતીના ફુઆ રોજ શિવની પૂજા કરતા. એ પૂજા મઠમાં કરતા હોવાથી ઘણા તીર્થ-યાત્રીઓ દર્શન કરવા આવતા. પૂજા પણ ઘણી ધામધૂમથી થતી.

મહા મહિનામાં આડા નક્ષત્રની પુણ્યતિથિ હતી. અભિષેક (મૂર્તિને સ્નાન કરાવી, કંકુ ફૂલ ચઢાવવાનો વિધિ) પૂરો કર્યા પછી આરતીની શરૂઆત થઈ. આરતી પૂરી કર્યા પછી "તિરુવેણબાવૈ" (ભક્તિ ગીત) ગાવાનું હતું. પણ ગાનારો પૂજારી હજી સુધી આવ્યો નહોતો. ભારતીના ફુઆ કૃષ્ણશિવમ્ દુઃખી દુઃખી થઈ ગયા, ને બોલ્યા "આ કેવી કસોટી કરો છો પ્રભુ?"

તિરુવેણબાવૈ ગાયા વગર પૂજા પૂરી ન થાય. એ બિચારા ખૂબ મૂંઝાઈ ગયા.

ભારતીનાં ફોઈએ ભારતીને "તિરુવેણબાવૈ" ગાતાં સાંભળ્યા હતા. એ ભારતીને રેશમી ફેંટો, રૂદ્રાક્ષની માળા પહેરાવીને તથા કપાળ પર ભસ્મ લગાવીને લઈ આવ્યાં, અને એમને 'તિરુવેણબાવૈ' ગાવાનો આગ્રહ કર્યો.

ભારતીએ ભાવભર્યા મીઠા સૂરમાં ગીત ગાયું. કૃષ્ણશિવમ્ પ્રેમથી એમને ભેટી પડ્યા અને કહ્યું, "દીકરા, આટલી નાની ઉંમરમાં આ બધું તે કેવી રીતે શીખી લીધું? અમે તો બધા ઢોંગી રહી ગયા અને તું સાચો ભક્ત બન્યો."



પરીક્ષામાં સફળતા

કૉલેજ સિવાય બીજો જે કંઈ સમય મળતો, તે એ ગંગાતટ પર વિતાવતા. કિનારા પર બેસી રહેતા, કે આંટા મારતા. એ સમયે એમના હાથમાં હંમેશાં અંગ્રેજી કવિ શેલીનું પુસ્તક રાખતા. ગંગાના કુદરતી સૌંદર્યનું પાન કરતા અને કવિતા રચતા. મિત્રોની સાથે નાવડીમાં ફરવાનું એમને બહુ ગમતું.

અલ્હાબાદ વિશ્વવિદ્યાલયની પ્રવેશ પરીક્ષામાં બહુ ઊંચા વર્ગમાં સફળતા મેળવી. એમણે પરીક્ષા પસાર કરી, તે સમયે એટ્ટયપુરમના મહારાજ કાશી આવ્યા હતા. એ ભારતીને પોતાની જોડે એટ્ટયપુરમ લઈ ગયા. અને ત્યાં જ એમને કામમાં લગાવી દીધા. એ કામ પણ કેવું! મહારાજની પાસે જે પત્રિકાઓ આવે તે એમને વાંચી સંભળાવવાની.

ભારતી તો કાશીમાં મન ફાવે તેમ ફરતા હતા. એમને આમ હા જીહા કરવાનું શી રીતે ફાવે? એક એવી પ્રથા હતી કે મહારાજની સામે શરીરના ઉપરના ભાગમાં વસ્ત્ર નહિ પહેરવાનાં. મહારાજ બહાર નીકળે તો લોકોને ઊઠીને હાથ જોડીને ઊભા રહેવું પડતું હતું. ભારતીને આ બન્ને પ્રથાની બહુ જ ચીઢ હતી.

એકવાર મહારાજ બહાર નીકળતા હતા, ને ભારતી બેઠા રહ્યા. એથી મહેલમાં ખળભળાટ મચી ગયો. ભારતીની નોકરી ચાલી ગઈ. લોકોએ સમજાવ્યું કે, એ જો માફી માંગે તો પાછા એમને નોકરીમાં રાખી લે. પણ ભારતીએ તો ચોખ્ખી ના પાડી દીધી. એમણે કહ્યું, "એટ્ટયપુરમના મહારાજ પાસે ખોબા જેટલી જમીન છે. પણ જગત તો બહુ વિશાળ છે. કયાંક ને કયાંક તો મને જગ્યા મળી જ રહેશે.'

એ પછી ત્રણ મહિના સુધી ભારતીએ મદુરાઈની સેતુપતિ ઉચ્ચતર માધ્યમિક શાળામાં તમિલના કામચલાઉ મુખ્ય અધ્યાપક તરીકે કામગીરી બજાવી.

એ કામ પણ પૂરું થવા આવ્યું, ત્યાં મદ્રાસના "સુદેશ મિત્રન" દૈનિક સમાચારના તંત્રી સુબ્રહ્મણ્ય અય્યરે ભારતીને પોતાના પત્રના સહતંત્રી તરીકે નીમ્યા. ૧૯૦૪ માં, બાવીશ વર્ષની વયના એ યુવાન મદ્રાસ આવી ગયા.

પત્રકાર ભારતી

ભારતી માટે સહતંત્રીનું કામ નવું હોવા છતાં એમણે થોડા જ સમયમાં તંત્રીને પોતાના કામથી ખુશ કરી દીધા. "સુદેશ મિત્રન" માં એમનું કામ અંગ્રેજીમાં આવતા સમાચારોનું તમિલમાં ભાષાન્તર કરવાનું હતું.

જી. સુબ્રહ્મણ્ય અય્યર અત્યંત કઠિન સંયોગોમાં "સુદેશ મિત્રન" ચલાવતા હતા. એમને મન સમાચારપત્ર ચલાવવું એ પણ એક પ્રકારની દેશ સેવા જ હતી. અંગ્રેજી સમાચાર પત્ર "હિન્દુ" નીકળતું હતું, તેમાં એઓ જાણીતા તંત્રી હતા. એમને લાગ્યું કે, રાજકારણનું શિક્ષણ જો માતૃભાષા દ્વારા અપાય તો આમ લોકોમાં જાગૃતિ વહેલી આવે. એટલે એમણે "સુદેશ મિત્રન" શરૂ કર્યું.

જી. સુબ્રહ્મણ્ય અય્યર રાષ્ટ્રીય કોંગ્રેસના સંસ્થાપકોમાંના એક હતા. કોંગ્રેસના પહેલા અધિવેશનમાં લાંબી ચર્ચા કરીને જે નિર્ણયો લેવાતા, તેનો અમલ કરવામાં એ સહુથી પહેલા હતા. એટલું જ નહિ, પણ કોંગ્રેસના અધિવેશનોમાં એ પોતાના પત્રના સહતંત્રી ભારતીને પણ સાથે લઈ જતા. એથી આઝાદીને માટે અંગ્રેજ સરકારની સામે લડનારા અનેક નેતાઓને ભારતીએ જોયા અને તેમનાં ભાષણો સાંભળ્યાં, પરિણામે થોડા જ સમયમાં ભારતી ચુસ્ત દેશભક્ત બની ગયા.

નિવેદિતાના આશીર્વાદ

સન ૧૯૦૫ માં કાશીમાં કોંગ્રેસનું અધિવેશન ભરાયું. ત્યાંથી પાછા ફરતાં એ કલકત્તાના દમદમ વિસ્તારમાં સ્વામી વિવેકાનંદનાં શિષ્યા નિવેદિતા દેવીને મળવા ગયા.

ગુલામ ભારતને પોતાની સ્વતંત્રતા ફરીથી પ્રાપ્ત કરવાની પ્રેરણા સ્વામી વિવેકાનંદે આપી હતી. એમની શિષ્યા આયર્લૅન્ડનાં સન્નારી નિવેદિતા દેવી એ સમયે સ્વતંત્રતા માટે લડનારા ક્રાંતિકારીઓને સહાય કરતાં હતાં. કલકત્તામાં રોગચાળો ફાટી નીકળ્યો હતો. નિવેદિતા દેવીએ પોતાનો જાન જોખમમાં મૂકીને રાહત કાર્યમાં ઝંપલાવ્યું.

દક્ષિણ ભારતનો દેશભક્ત પોતાને મળવા આવ્યો, તેથી નિવેદિતા દેવી ખૂબ પ્રસન્ન થયાં.

વાતવાતમાં નિવેદિતા દેવીએ ભારતીને પૂછ્યું, "તમે પરણેલા છો ?" ભારતીએ જવાબ આપ્યો, "હું પરણેલો છું ને એક છોકરીનો બાપ પણ છું."



"તો પછી કોંગ્રેસ અધિવેશનમાં એમને કેમ ન લઈ આવ્યા ?" દેવીએ પૂછ્યું.

"આવા રાજકીય અધિવેશનોમાં અમે પત્નીને નથી લઈ જતા," ભારતીએ કહ્યું.

નિવેદિતા દેવી ગુસ્સે થઈ ગયાં. એમનું મોઢું લાલ લાલ થઈ ગયું. એમણે કહ્યું, "દેશની વસ્તીમાં અર્ધા ભાગની તો સ્ત્રીઓ છે. જો એમને મુક્તિ નહિ મળે તો દેશને જે સ્વતંત્રતા મળશે તે અધૂરી જ કહેવાશે. પૂર્ણ સ્વતંત્રતા નહિ, દીકરા ! આ વાત હંમેશાં ધ્યાનમાં રાખજે."

જી. સુબ્રહ્મણ્ય અય્યર

"તું કવિ છે. ભવિષ્યમાં તારી કીર્તિ ફેલાશે. નારીમુક્તિ પણ તારું ધ્યેય બને, એવા મારા તને આશીર્વાદ છે." ભારતીના મન પર આની પ્રબળ અસર થઈ.

સન ૧૯૦૮ તથા સન ૧૯૦૯ માં એમનાં 'સ્વદેશ ગીતમ' તથા 'જન્મભૂમિ' એ બે કાવ્યસંગ્રહો પ્રગટ થયા, તે એમણે નિવેદિતા દેવીને સમર્પિત કર્યા.

ભારતીએ સ્ત્રીઓને માટે 'ચક્રવર્તિની' નામે માસિક કાઢ્યું જેના એ તંત્રી હતા. એ માસિક દ્વારા એમણે લગાતાર નારીમુક્તિની ઝુંબેશ ચલાવી.

બંગભંગ એક ચેતવણી

સન ૧૯૦૫ માં ભારતમાં અંગ્રેજ વાઈસરોય લોર્ડ કર્ઝને તે સમયના બંગાળના ધાર્મિક ધોરણે બે વિભાગ કર્યા. એ ચાલ હિન્દુ અને મુસલમાન વચ્ચે ફૂટ પડાવવા માટેની હતી. આથી આખા દેશમાં અંગ્રેજ સરકાર સામે ગુસ્સાની આગ ભડકી ઊઠી.

આખા દેશમાં વિદેશી માલનો બહિષ્કાર અને સ્વદેશીના પ્રચાર માટે આંદોલન પૂર જોશમાં ચાલ્યું. દેશના નેતાઓએ સ્વદેશી માલ વાપરવાની તથા વિદેશી માલની હોળી કરવાનાં લોકો પાસે વ્રત લેવડાવ્યાં. એ આંદોલન દક્ષિણ ભારતમાં પણ વાયુવેગે પ્રસર્યું.



નિવેદિતા દેવી

ભારતી "સુદેશ મિત્રન" માંથી છૂટા થયા. કેટલાક યુવકોએ મળીને "ઈંડિયા" નામની પત્રિકા શરૂ કરી અને ભારતીને તેના તંત્રી બનાવ્યા. ૧૬

સાપ્તાહિક 'ઇંડિયા'

ભારતીએ "ઈંડિયા" ના સંચાલનથી એ સાબિત કરી બતાવ્યું કે એ શ્રેષ્ઠ પત્રકાર છે. દક્ષિણ ભારતમાં "ઈંડિયા" એ પહેલું પત્ર હતું કે જેમાં રાજકીય વ્યંગચિત્રો પ્રગટ થયાં. એ વ્યંગચિત્રો પણ કેવાં?ઘણીવાર પત્રનું પહેલું પાનું આખું વ્યંગચિત્રથી જ ભરેલું હોય. એ વ્યંગચિત્રોમાં અંગ્રેજ સરકાર તથા એને સાથ આપનારા દેશવાસીઓની બહુ ઠેકડી ઉડાવાતી. એને લીધે બહુ ખળભળાટ મચી ગયો.

આ વ્યંગચિત્રોમાં ફક્ત મજાક જ નહોતી. એમાં સ્વદેશી આંદોલનને વેગ આપે, રાષ્ટ્રપ્રેમને જગાડે, એવાં વ્યંગચિત્રો પણ પ્રગટ થતાં. તેમ જ લોકોને પોતાના હક વિષે જાગૃત કરે એવાં વ્યંગચિત્રો યે છપાતાં.

વ્યંગચિત્રની સમજણ "ચિત્રની સમજુતી" એવા શીર્ષકથી આપવામાં આવતી.

એમના પત્રમાં ભારતની અંદરનું રાજકારણ, વિદેશનાં રાજકારણ વિષેના સમાચાર, રાજકારણ વિષેની ટીકા, તંત્રીલેખ, સાહિત્ય વિષેનું પાનું, હાથકારીગરી વિષે પાનું, ખેતી વિષેનું પાનું, એમ જાતજાતના વિષયો પર લખાણ છપાતાં. ૧૯૦૫ માં રશિયામાં લડાયલો મુક્તિ સંગ્રામ, તુર્કસ્તાનમાં રાજાશાહીનો અંત, ભારતના દેશભક્તોના રાષ્ટ્રમુક્તિ માટેના કાર્યક્રમો, તત્તુકુડીમાં સ્વદેશી વહાણો બનાવવાના કારખાનાને સમર્થન, ઈટલી દેશના મુક્તિ સંગ્રામના નેતા ગેરિબાલ્ડી તથા માર્જિનાં જીવનચરિત્રો, પશ્ચિમના મહાન ચિંતક રૂસોના "સામાજિક સમાધાન" ની વાતો, ભારતીનું "જ્ઞાનરથમ્" એવા જાતજાતના અને ભાતભાતના વિષયોની ચર્ચા આવતી. આમ "ઈંડિયા" વિવિધ વિષયને સ્પર્શનારી સંપૂર્ણ જ્ઞાનની પત્રિકા હતી. એની ભાષા તીખી તમતમતી હતી.

વાચકોના ચિત્તને એ 'ઈંડિયા' પત્ર ઢંઢોળતું. પત્રને માટે દેશભક્તિ એ માત્ર મનોરંજનનું સાધન નહિ, પણ એક મૌલિક સિદ્ધાંત હતો. એટલે દેશભક્તિની ભાવના વાચકોના હૃદય સુધી પહોંચાડવાનું એનું ધ્યેય હતું.

"ઈંડિયા" નો ફેલાવો પણ ઘણો હતો. એ જમાનાના તમિલ પત્રોમાં જેની ૪૦૦૦ નકલો વેચાતી હોય એવું એ એક જ પત્ર હતું.

વાર્ષિક લવાજમ પણ જુદા જુદા લોકો માટે જુદું જુદું હતું. સરકારી અમલદારો માટે

૫૦ રૂપિયા, જમીનદારોતથા વેપારીઓ માટે ૩૦ રૂપિયા તથા બીજાઓ માટે ફક્ત ૩ રૂપિયા વાર્ષિક લવાજમ હતું,

જાહેરખબરોમાંથી 'ઇંડિયા' ને સારી કમાણી થતી. પત્રની પ્રતિષ્ઠા તથા લોકોનો અહોભાવ એટલાં બધાં વધ્યાં હતાં કે ૧૬ પાનાંના એ સાપ્તાહિકમાં ચાર પાનાં તો જાહેરખબરનાં આવતાં.

'ઇંડિયા' પત્રનું વ્યંગચિત્ર—મદ્રાસની જનતા વિદેશી વસ્ત્રરૂપી રાક્ષસનો સંહાર કરે છે.



દેશભક્ત ટિળક

સન ૧૯૦૭ માં સુરત શહેરમાં કોંગ્રેસનું અધિવેશન ભરાયું. આ અધિવેશનમાં ભારતી પહેલીવાર લોકમાન્ય ટિળકને મળ્યા. ભારતી પ્રથમથી જ ટિળકના સિદ્ધાંતો પર વારી ગયા હતા. "સ્વતંત્રતા અમારો જન્મસિદ્ધ અધિકાર છે. એ માટે અમે ગોરાઓની પાસે શા માટે ભીખ માંગીએ ?" "આપણે જ આપણા અધિકારો માટે લડવાની શક્તિ કેળવવી પડશે." એ બધાં સૂત્રો ટિળકે જ આપ્યાં હતાં. ટિળકના આવા ઉદ્દામવાદી વલણનો કોંગ્રેસમાં કેટલાક વિરોધ કરતા. અધિવેશનમાં બન્ને પક્ષના લોકો વચ્ચે બૂમબરાડા, શોરબકોર અને ધાંધલધમાલ થતાં રહ્યાં, ને અધિવેશન પૂરું થયું.

સુરતથી પાછા આવ્યા પછી ભારતી ટિળકના સિદ્ધાંતોનો પ્રચાર કરવાના કાર્યમાં ગૂંથાઈ ગયા. એ જાહેરસભાઓ બોલાવતા. તેમાં જોરદાર ભાષણો આપતા, ગાતા, 'ઈંડિયા' માં પણ એ વિષે લખતા રહ્યા તથા એ વિષયનાં વ્યંગચિત્રો પણ પ્રગટ કરતા રહ્યા.

એમણે "બાલભારતસંઘ" ની સ્થાપના કરી. પોતાના જેવા વિચારોવાળા યુવકોને સંઘદ્વારા એકઠા કરી, શહેરના ખૂણે ખૂણામા સભાઓ ભરી.

આંધ્ર પ્રદેશમાં પણ એમણે એવા સંઘો સ્થાપ્યા. એમણે રાષ્ટ્રમાં જાગૃતિ લાવવા "બાલ ભારત" અથવા "યંગ ઈંડિયા", નામનું માસિક શરૂ કર્યું. એ કાર્યમાં વયોવૃદ્ધ નેતા ડૉ. નજુંડ રાવે એમને મદદ કરી.








લાલા લજપતરાય, લોકમાન્ય બાળ ગંગાધર ટિળક તથા બિપિન ચન્દ્ર પાલ

'બાલ ભારત સંઘ' તરફથી ૧૯૦૭ ના મે મહિનામાં પ્રસિદ્ધ વક્તા તથા ટિળક દલના અગ્રગણ્ય નેતા બિપિન ચન્દ્ર પાલને એમણે આમંત્રણ આપી મદ્રાસ બોલાવ્યા અને ભાષણો અપાવ્યાં. તિરૂવલ્લીકેણી સમુદ્ર પર શ્રી પાલે આપેલાં ભાષણોથી દક્ષિણ ભારતમાં એક નવી જાગૃતિની લહેરો ઊઠી.



સન ૧૯૦૮ માં ભારતીએ લોકમાન્ય ટિળકને લખેલો પત્ર.

આ રીતે આખા તમિલનાડુમાં ટિળક દલના સમર્થકો વધારેમાં વધારે સંખ્યામાં થવા લાગ્યા.

૧૯૦૮ ના માર્ચ મહિનામાં આખા દેશમાં "સ્વરાજ્ય દિન" ઉજવાયો. મદ્રાસના તિરૂવલ્લીકેણી સમુદ્રતટ પર એક જાહેરસભાનું આયોજન થયું. એવો ડર હતો કે પોલીસ સરઘસ પર પ્રતિબંધ મૂકશે. ભારતી સરઘસને મોખરે હતા. એ સરઘસને તટ પર લઈ આવ્યા. પોલીસ કશું કરી શકી નહિ.

તત્તુકુડી તથા તિરૂનેલવેલીમાં પણ સ્વરાજ્ય દિનની ઉજવણીની બધી તૈયારીઓ, વ.ઉ. ચિદમ્બરમ્ તથા સુબ્રહ્મણ્યમ્ શિવાએ કરી. અમલદારોએ એને રોકવા માટે બન્ને નેતાઓને ગિરફતાર કર્યા. લોકોનો ક્રોધ ભભૂકી ઊઠ્યો અને તોફાનો થવા લાગ્યાં. વિચ નામના અંગ્રેજ કલેક્ટરે ચિદમ્બરમ્ પિલૈ તથા શિવાને પેટ ભરીને ગાળો દીધી. એણે કહ્યું, "દેશમાં સ્વતંત્રતા આંદોલન કરવાની હિંમત તમારામાં આવી ક્યાંથી? ગોરાઓને બદલે તમે રાજ્ય કરવા ઈચ્છો છો. તમારી લાયકાત શું? વહાણો બાંધવાનો ઉદ્યોગ શરૂ કરવો છે તો તમને ખબર નથી, કે અમારા વેપારમાં મુશીબત ઊભી કરો છો?" એ ગુસ્સામાં બોલતો રહ્યો. ચિદમ્બરમ્ તથા શિવાએ એને જડબાતોડ જવાબ આપ્યા.

આ આખા સંવાદને ભારતીએ બે ગીતોમાં ઉતાર્યો છે.

"દેશભરમાં સ્વતંત્રતાની તરસ જગાડી,
આગ કારમી લગાડી તેં,
બંદી બનાવી કેદમાં પૂરીશ,
ત્રાસ બેહદ ગુજારીશ,
છોડીશ નહિ કદિ."
એ હતી કલેક્ટર વિચની ધમકી.



સુબ્રહ્મણ્યમ શિવા

"અમે તો કરીશું દેશની સેવા,
વિદેશીની તો નહિ, કદિ નહિ,
આ અન્યાય, આ જુલ્મ,
ઈશ્વર પણ હવે સહશે નહિ."
આ હતો દેશભક્તોનો ઉત્તર.......

જાતિભેદને નાબૂદ કરવો

વિરોધી દલના નેતાઓ પણ ભારતીનાં રાષ્ટ્રીય ગીતો સાંભળીને મુગ્ધ થઈ જતા.

એ સમયે 'બંકિમચન્દ્ર' ના 'વન્દે માતરમ્' સિવાય, બીજાં સારાં રાષ્ટ્રીય ગીતો લગભગ હતાં જ નહિ. તમિલમાં આ ખોટ પૂરી કરવા માટે ભારતીએ પત્રિકાના માધ્યમ દ્વારા લોકોને દેશભક્તિનાં ગીતો મોકલવા વિનંતી કરી. એમણે પોતે 'વન્દે માતરમ્' નો સરળ તમિલમાં અનુવાદ કર્યો. એમની વિનંતિ અનુસાર કોઈએ દેશભક્તિનું ગીત રચીને એમને મોકલ્યું નહિ. આખરે એ જે ખોટ હતી, તેપૂરી કરવાનું બીડું એમણે જ ઝડપ્યું.



ભારતીએ દેશભક્તિનાં ગીતો લખ્યાં. દેશભક્તિનું મહાત્મ્ય સમજાવનારાં એમનાં ગીતોમાં પ્રાણ ધબકે છે.

આવો આપણે ગાઈએ વંદે માતરમ્,
ભારતમાતાને કરીએ પ્રણામ.
તથા
આ દેશમાહીં થતો જન્મ જેનો,
તેના નહિ જાત કે ધર્મ જોવા,
તેનું ઊંચું કે નહિ કુળ નીચું
બધાં જ બંધાયલાં એક સૂત્રે.

વ.ઉ. ચિદમ્બરમ્ પિલ્લૈ

એઓ એમ માનતા કે ભારતમાં જન્મવું, એ જ ઊંચા કુળમાં જન્મ લેવા જેવું છે. એથી અહીં જે જન્મે છે, એ બધા સમાન છે. એમ કોઈ ઊંચા કે નીચા નથી.

ભારતનું ગૌરવ ગાતાં એ કહે છે—


“સોનેરી આ ભારતભૂમિ, અમને ઘણી વહાલી,
પૂજીએ નિત્યે એ માતૃભૂમિ ન્યારી.”

એમણે ભારતીઓ ગૌરવથી પોતાનું માથું ઊંચું રાખી શકે તે માટે અથાગ પ્રયત્ન કર્યા. આપણા જે અધિકારો છે તેને વિષે એ કહે છે,

“પરમપિતા તથા જગતજનની
અહીં વિચર્યા, ને સ્મિતો વેર્યાં,
હજારો વર્ષોથી જીવંત છે,
મારો દેશ,
અમર એની સંસ્કૃતિ.”

આપણો દેશ કે જ્યાં આપણા પૂર્વજો હજારો વર્ષોથી રહેતાં આવ્યા છે, તે દેશ આપણો નહિ તો બીજા કોનો હોવાનો હતો? હજી ગઈકાલે જ અહીં આવેલા ફિરંગીઓને અહીં શા માટે રાજ્ય કરવા દેવા જોઈએ?

“ફક્ત આઝાદીની માંગણી કરવી એટલું જ પૂરતું નથી. આઝાદીના આશકો માટે બીજું કોઈ ધ્યેય હોઈ જ ન શકે.” એવા શબ્દોમાં એમણે માયાવી આઝાદીના મોહમાં પડેલા લોકોને પડકાર્યા.


வந்தே மாதரம்.

ஸ்வதேச கீதங்கள்

ஸ்ரீ. சுப்பிரமணிய பாரதியால்,

இயற்றப்பட்டவை.

1907.

THE INDIA STEAM PRINTING WORKS, MADRAS.

શ્રી કૃષ્ણસ્વામી અય્યરના સહકારથી પ્રગટ થયેલા ભારતીના કાવ્યસંગ્રહનું મુખપૃષ્ઠ.

ભારતીની વાણી અસરકારક હતી. એ ગાતા તો ગીતના ભાવમાં એવા તલ્લીન થઈ જતા, કે પોતાની જાતને ભૂલી જતા. બધા શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જતા. વી. કૃષ્ણસ્વામી અય્યર ભારતીના સિદ્ધાંતોના વિરોધી હતા. પણ એમણે ભારતીનાં દેશભક્તિનાં ગીતો સાંભળ્યાં, ને એ ભારતીના ચાહક બની ગયા. એમણે ભારતીનાં બધાં ગીતો સંગૃહિત કર્યાં અને નાની પુસ્તિકા છપાવી. કૃષ્ણસ્વામી અય્યરે એ ગીતોની પુસ્તિકા શાળાઓમાં પહોંચાડી અને ગીતો વિદ્યાર્થીઓ પાસે ગવડાવ્યાં.

કટોકટી

૧૯૦૮નું વર્ષ ભારતીના જીવનનું મહત્ત્વનું વર્ષ હતું. એ વર્ષમાં એમનો પ્રથમ કાવ્યસંગ્રહ "સ્વદેશ ગીતમ્" પ્રગટ થયો. એની ચોમેર પ્રશંસા થઈ.

રાજકીય દૃષ્ટિએ પણ એ વર્ષ મહત્ત્વનું હતું. ટિળકની પ્રચાર ઝુંબેશથી લોકોમાં જાગૃતિ આવેલી જોઈને અંગ્રેજ સરકારે ટિળકના દલના નેતાઓને એક એક કરતાં પકડીને જેલમાં પૂરી દીધા. ટિળકને દેશનિકાલ કર્યા અને બ્રહ્મદેશમાં માંડલે શહેરમાં કારાવાસમાં રાખ્યા. લાલા લજપતરાય ભારતમાંથી ભાગીને અમેરિકા ચાલી ગયા. વ.ઉ. ચિદમ્બરમ્ પિલ્લૈ તથા શિવાની ઉપર જેલમાં ત્રાસ વર્તાવ્યો. પીઢ પત્રકાર જી. સુબ્રહ્મણ્યમ્ અય્યરને પણ પકડીને જેલમાં પૂર્યા. ટિળકના વિચારોને પ્રોત્સાહન આપનારા બધાં છાપાંઓ ઉપર રાજદ્રોહનો આરોપ મૂકી પગલાં લેવામાં આવ્યાં.

ભારતી જેના તંત્રી હતા, તે "ઇંડિયા" પર પણ સરકારનો ખોફ ઉતર્યો. એ સાપ્તાહિકમાં છપાયલી આઠ ટીકાઓ તથા એક ગીત માટે મુખ્ય સંપાદક એમ. શ્રીનિવાસન્ પર રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો તથા એમને કેદ પકડવાના હુકમો છોડાયા.

મુખ્ય સંપાદકને પકડવાનો હુકમ લઈને એક પોલીસ અધિકારી 'ઈંડિયા'ના કાર્યાલય પર આવ્યો. સાંજનો સમય હતો, અને ભારતી આખો દિવસ અથાગ પરિશ્રમ કરીને દાદર ઊતરતા હતા. પોલીસ અધિકારીએ એમને હુકમ બતાવ્યો. એમાં એમનું નામ નહોતું. મુખ્ય સંપાદકનું જ નામ હતું.

ભારતીએ કહ્યું, "આમાં મારું નામ નથી" અને એ ચાલ્યા ગયા. પણ ભારતીને ખબર હતી, કે હવે એમના નામનો હુકમ નીકળશે. કારણ 'ઈંડિયા' માં છપાયલા એમના લેખોને કારણે તો સરકાર ધૂંવાપૂંવાં થઈ હતી."

એમાં વળી જેને માટે રાજદ્રોહનો ગુનો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, તેણે તો બળતામાં ઘી હોમ્યું હતું. જાણો છો, એ ગીત કયું છે?

આઝાદીની તરસ અમારી
છીપશે ઈશ ક્યારે ?
ગુલામીનો મોહ અમારો
છૂટશે ઈશ ક્યારે ?
હાથોમાંની બેડીઓ આ
છૂટશે ઈશ ક્યારે ?
દુઃખોનાં આ ઘેરાં વાદળ
વિખરાશે જ ક્યારે ?


ભારતીએ એમના મિત્રોની સલાહ લીધી. નકામા જેલમાં જવાનો કંઈ અર્થ નહોતો. એનાં કરતાં તો એ બહેતર છે, કે કોઈ સુરક્ષિત જગ્યામાં જઈને ત્યાંથી પત્ર પ્રગટ કરવું. એવી સુરક્ષિત જગ્યા કઈ હોઈ શકે ? એમણે નક્કી કર્યું કે ફ્રાન્સના તાબા હેઠળના શહેર "પુદુચ્ચેરી" માં ભાગી જવું.

ભારતીને મદ્રાસ છોડીને જવાનું ગમ્યું તો નહિ, પણ મિત્રોની સલાહ માનીને "પુદુચ્ચેરી" જવા મન મનાવ્યું. મદ્રાસના 'એગમોર' સ્ટેશનથી ગાડીમાં બેસવામાં પકડાવાનું જોખમ હતું. તેથી 'સૈદાપેટ' થી ગાડીમાં ચઢ્યા અને 'પુદુચ્ચેરી' પહોંચી ગયા.

પુદુચ્ચેરીથી "ઈંડિયા"

ભારતી જ્યારે "પુદુચ્ચેરી" પહોંચ્યા, ત્યારે ત્યાં એમના કોઈ મિત્રો નહોતા. થોડા દિવસ પછી કુવલૈ કણ્ણન, સુંદરેસય્યર જેવા દિલોજાન મિત્રો એમને સાંપડ્યા. એ બન્નેએ ભારતીને રહેવા માટે સારા મકાનની વ્યવસ્થા કરી.

ભારતી જ્યાં સુધી પુદુચ્ચેરીમાં રહ્યા, ત્યાં સુધી એ બન્ને મિત્રોએ એમની દરેક રીતે મદદ કરી.



ભારતીના જીવનના આખરી સમયમાં એટલે કે ૧૯૨૧માં જ્યારે એ તિરૂવલ્લીકેણી મંદિરના હાથીની સામે ઘાયલ થઈને પડ્યા હતા, ત્યારે બીજા બધા લોકો હાથ ઘસતાં ઊભા હતા, ત્યારે કુવલૈ કણ્ણને કૂદકો મારીને ભારતીને ઉપાડી લીધા હતા. એ ભારતીના અત્યંત પ્રિય શિષ્ય હતા.

કુવલૈ કણ્ણન

ભારતી પુદુચ્ચેરી ગયા તેના થોડા સમય પછી, મદ્રાસના એમના મિત્ર મંડયમ્ શ્રીનિવાસચારિયરે "ઈંડિયા" પત્રને પુદુચ્ચેરીથી પ્રકાશિત કરવાની બધી વ્યવસ્થા કરી.

'ઈંડિયા' જે છાપખાનામાં છપાતું હતું, તે છાપખાનાને પુદુચ્ચેરીવાસી કોઈ વ્યક્તિને વેચ્યું છે એવું બહાનું કાઢી છાપખાનાને પુદુચ્ચેરી પહોંચાડવામાં આવ્યું.

'ઈંડિયા' કેટલાંય અઠવાડિયાંથી બંધ પડયું હતું, પણ હવે ફરીથી નવા જોમથી પ્રગટ થવા લાગ્યું. પહેલાંની જેમ આગળનાં પૂઠાં પર રાજકારણને લગતું વ્યંગચિત્ર અને અંદર તરેહ તરેહની રાજકારણની ચર્ચાઓ. પુદુચ્ચેરી ફ્રાન્સના તાબામાં હતું, એટલે અંગ્રેજ સરકારની વિરુદ્ધ લખવાની સુવિધા હતી.

પુદુચ્ચેરીથી ભારતમાં રહેતા જે લોકોએ લવાજમ આપ્યાં હતાં, તેમને ટપાલમાં 'ઈંડિયા' મોકલાતું. એ જ રીતે ભારતમાં રહેતા જાહેરખબર આપનારાઓ પણ 'ઈંડિયા' માં જાહેરખબર મોકલાવ્યા કરતા.

'ઈંડિયા' જ્યારે પુદુચ્ચેરીથી બહાર પડતું હતું, તે સમયે શ્રી અરવિન્દ ઘોષ પરના અલીપુર મુકદ્દમાનો ચુકાદો આવ્યો, જેમાં એ છૂટી ગયા. એમનું સ્વાગત કરતું ભારતીએ એક વ્યંગચિત્ર બનાવ્યું, જેમાં અરવિન્દ નામના ચન્દ્રને ગળી જવા આવતા રાહુને દૂર ભાગી જતો દર્શાવ્યો છે.



૧૯૦૯ માં શ્રી અરવિન્દ જ્યારે જેલમાંથી છૂટયા, ત્યારે 'ઈંડિયા' માં આ વ્યંગચિત્ર છપાયું હતું.

ગાંધી નામની ગાય

દક્ષિણ આફ્રિકા, ફિજી તથા બીજા કેટલાક દેશોમાં પેટિયું રળવા ગયેલા ભારત-વાસીઓ અત્યંત દુઃખી અવસ્થામાં જીવતા હતા. એ દેશોની પ્રગતિ તથા સમૃદ્ધિ માટે ભારતીઓ તનતોડ મહેનત કરતા, પણ એમને પૂરતું મહેનતાણું આપવામાં આવતું નહોતું, એટલું જ નહિ પણ એમનું માન પણ જળવાતું નહોતું.

એ દિવસોમાં દક્ષિણ આફ્રિકામાં રહેતા ભારતવાસીઓના હકો માટે યુવાન બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધી (મહાત્મા ગાંધી), સત્ય, અહિંસા તથા ધર્મનાં સાધનો દ્વારા, લડત ચલાવી રહ્યા હતા. ભારતીએ એમની પ્રશંસા કરતું લખાણ લખ્યું.

‘ઇંડિયા’ પત્રનાં બે વ્યંગચિત્રો.
જમણી તરફનું વ્યંગચિત્ર : (લોંકડી ને કાગડો) મિન્ટો મોર્લેના સુધારા વિષે છે.
કર્ઝન લોંકડી મોર્લેને કહે છે, “ગીત સંભળાવ.”
ડાબી તરફનું વ્યંગચિત્ર : દેશના નેતાઓની નજરકેદ વિષે છે.





દક્ષિણ આફ્રિકાના ભારતવાસીઓના આંદોલન માટે એમણે ઉઘરાણું કર્યું. ગાંધીજીની સત્યાગ્રહની નવી યુદ્ધનીતિથી ભારતી પર પ્રબળ અસર થઈ.

૧૯૦૯ માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાના ભારતવાસીઓના પ્રતિનિધિ તરીકે લંડન ગયા અને ત્યાં બ્રિટિશ સરકારને ભારતવાસીઓ કેવા દુઃખમાં સબડે છે, તેનો ચિતાર આપ્યો. એમને ખબર હતી, દક્ષિણ આફ્રિકા એ જેવા પાછા જશે, તેવા તરત જ એમને પકડી લેવામાં આવશે. તો પણ એ ત્યાં ગયા. ત્યાંની સરકારે એમને પકડીને જેલમાં પૂર્યા.

ભારતીએ એક વ્યંગચિત્ર દ્વારા આ પ્રસંગનું ચિત્રણ કર્યું. એમાં ગાંધીજીને ગાયનું, અને આફ્રિકાની ગોરી સરકારને ગાય પર ત્રાટકી પડનાર એક ચિત્તાનું રૂપ આપ્યું.

એ ચિત્રની સમજુતી બહુ મઝાની રીતે આપી હતી. એ આ પ્રમાણે હતી:

"હિન્દુઓના પૂર્વજોની આ વાત તો ઘણા લોકો જાણતા હશે. એક જંગલમાં એક ગાય ચિત્તાની સામે આવી ચડી. ગાય વાછરડીને ધવડાવ્યા વિના જ આવી ગઈ હતી, તેથી બોલી, "હે પ્રભુ! આજે મેં મારી ફરજ બજાવી નથી. મારી વાછરડીને ધવડાવ્યા વિના જ આવી છું તો હમણાં જ એને ધવડાવીને હું આવું છું, પછી મને ખાઈ જજો. એટલી આપ રજા આપો."

"ચિત્તાએ ઘણા સમય સુધી વિચાર કર્યો. પછી એણે સત્યની કસોટી કરવાનું નક્કી કર્યું, તથા ગાયને રજા આપી."

"ગાયે વાછરડીને ધવડાવી, પોતાની સાથી બીજી ગાયને વાછરડી સોંપી અને પાછી આવી પહોંચી, ને કહ્યું, "મેં મારો ધર્મ પાળ્યો છે, આપે રજા આપી તેથી આપની આભારી છું. હવે મને આપ ખાઈ શકો છો."

"ચિત્તો આશ્ચર્યચકિત થઈ ગયો. એ બોલ્યો, "હે દેવી! સત્યવાદિની! તને ખાઈને મારે નર્કમાં નથી જવું. આજ સુધી મેં જે પાપો કર્યાં છે, તે ઘણાં છે." એમ કહીને ચિત્તો ભૂખ્યો રહ્યો, અને આખરે મરણ પામ્યો.

"આપણા ગાંધી પ્રભુનું વર્તન એ ગાયના જેવું હતું. પણ દક્ષિણ આફ્રિકાના ચિત્તાઓએ જોયું શું કર્યું તે? આવે પ્રસંગે હિન્દુસ્તાનના હિંસક પશુના હૃદયમાં પણ દયા પ્રગટી, પણ દક્ષિણ આફ્રિકામાં માણસનું રૂપ ધારણ કરીને જે ચિત્તાઓ ફરે છે. એ તદ્દન હલકટ છે. ભારતવાસીઓ પર જુલ્મ કરનારા એવા ક્રૂર ચિત્તાઓ તો કળિયુગમાં જ મળે."

૧૯૦૫ માં ભારતીઓને અહિંસા તથા સાત્વિક આંદોલનમાં પૂરી શ્રદ્ધા હતી. કેટલાક

યુવાનો હિંસક સાધનોથી દેશની આઝાદી મેળવવા પ્રયત્ન કરતા હતા. તેમની એમણે સખ્ત શબ્દોમાં નિંદા કરી. એ માનતા હતા, કે હિંસાનો માર્ગ ભારતીય પરંપરાથી ઊલટો છે.

મદ્રાસમાં તૈયાર થયેલું વિમાન

એ જ સમયે મદ્રાસમાં ડાંજિલિસ નામના એક ફ્રેંચે એક આકાશમાં ઊડે એવું વિમાન બનાવ્યું. પલ્લાવરમમાં એને ઉડાડવાનો પ્રયોગ કર્યો. ને પછી મદ્રાસ શહેરના આઈલેંડ ગ્રાઉંડમાં ગવર્નર તથા જનતાની સામે એણે વિમાન ઉડાડ્યું.

ગાંધી નામની ગાય—ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના આંદોલનને ચિત્રમાં આલેખતું વ્યંગ ચિત્ર. ("ઇંડિયા", ૧૮.૧૨.૧૯૦૯)




અમેરિકામાં રાઈટ બંધુઓએ જગતમાં પ્રથમ આકાશમાં ફરતાં વિમાનનું નિર્માણ કર્યું, તેના ત્રણ વર્ષની અંદર જ મદ્રાસમાં વિમાન બનાવ્યું. બ્લેરિયો નામના ફ્રાન્સવાસીએ જાતે વિમાન બનાવ્યું, અને વિમાનમાં બ્રિટિશ નહેરને પાર કરી. એનાથી પ્રેરાઈને મદ્રાસમાં ડાંજિલિસ નામના ફ્રેંચે વિમાન તૈયાર કર્યું અને એને સફળ રીતે ઉડાડયું. મદ્રાસના સમાચારપત્રોમાં એની છબીઓ તથા સમાચાર છપાયા.

ભારતીએ એ સમાચાર તથા છબીને "ઈંડિયા" માં પ્રગટ કર્યા. જોકે વિમાન એક ફ્રેંચ વ્યક્તિની સલાહ અનુસાર બનાવ્યું હતું. અને એને તમિલોએ સિમસન કારખાનામાં તૈયાર કર્યું હતું.

કાવ્ય પ્રતિભા

બ્રિટિશ ભારતમાં રહેતા વાચકો તથા જાહેરખબર આપનારાઓના સહકારથી "ઇંડિયા" ખૂબ ફેલાયું. એની આ સફળતા મદ્રાસમાંના અંગ્રેજ રાજકર્તાઓની આંખમાં ખૂંચી. એથી ભારતી જેના તંત્રી હતા તે 'ઇંડિયા', 'કર્મયોગી', 'વિજયા',

પુદુચ્ચેરી ગયા ત્યારે શરૂઆતના દિવસોમાં ભારતીનું ઘર



'સૂર્યોદય' વગેરે સામાયિકો ભારતમાં લાવવાનો મનાઈ હુકમ ફરમાવવામાં આવ્યો. ટપાલમાં આવેલી એ પત્રિકાઓની નકલો પોલીસે જપ્ત કરી અને સળગાવી મૂકી. આને કારણે એ બધાં સામાયિકો માર્ચ ૧૯૧૦માં બંધ કરવાં પડ્યાં.

ભારતીને ખૂબ ખૂબ લખવું હતું. પણ એમનાં લખાણો છાપવા માટે કોઈ સામાયિક તો બચ્યું નહોતું એટલે એમણે કવિતા રચવામાં વિશેષ ચિત્ત પરોવ્યું.

૧૯૧૨માં ભારતીએ ત્રણ કાવ્યોના સંગ્રહ તથા એક ભાષાંતર એટલી સામગ્રી પીરસી. ત્રણે કાવ્ય સંગ્રહ ત્રણ રત્નો જેવાં છે. "પાંચાલી શપથમ્" લઘુ કાવ્ય, "કુઈલ પાટ્ટુ" કાલ્પનિક કાવ્ય, તથા "કણ્ણુન પાટ્ટુ" ભક્તિ કાવ્ય તથા ભગવદ ગીતાનો તમિલમાં અનુવાદ. આ બધી રચનાઓ એક વર્ષ દરમ્યાન કરી. પણ એ પુસ્તકો છાપવા કોઈ તૈયાર નહોતું.

પાંચાલી શપથમ્


ભારતીને મતે "પાંચાલી શપથમ્" એમની સર્વશ્રેષ્ઠ કૃતિ છે. જોકે, એમાં મહાભારતમાંની દ્રૌપદીની કથા છે, પણ એ કથાની રજુઆત એમણે એવી રીતે કરી છે, કે એમાં ભારતીનો આવેગ, સારા રાજ્યનાં લક્ષણો, કયાંક અન્યાયની વિરુદ્ધ લડવાને માટે પ્રેરણા આપે એવા સંવાદો, તથા ઈશ્વર પ્રત્યેની અચળ શ્રદ્ધા દૃષ્ટિએ પડે છે.

"પાંચાલી શપથમ્" સરળ ભાષામાં સામાન્ય વાચકોને માટે લખાયું છે. પુસ્તકની પ્રસ્તાવનામાં એમણે લખ્યું છે :-

"સરળ પદ, સરળ ભાષાશૈલી, સહેલાઈથી ગવાય એવા છંદ, તથા આમજનતાને પ્રિય હોય એવી ધૂન, ઈત્યાદિની મદદથી જો કોઈ કાવ્યનું સર્જન કરે, તો એ નિશ્ચિત રીતે આપણી માતૃભાષાને નવી ચેતના અર્પે છે."

ભારતીએ ફક્ત માતૃભાષાને જ એક ઉત્તમ પ્રકારની કાવ્યાંજલિ અર્પી નથી, પણ એમાં દેશની આઝાદી માટે પ્રેરણા આપે એ રીતે કાવ્યની રચના કરી છે.


એ કાવ્યમાં દુષ્ટજનો જેને હેરાનપરેશાન કરે છે તેવી દ્રૌપદી ભારતમાતા જેવી લાગે છે. અન્યાયની વિરુદ્ધ જેઓ પોકાર કરતા નથી, તેવા લોકોને નપુંસક, તથા કૌરવની સભામાં દ્રૌપદીના અપમાનને સમયે ચૂપ રહેનારા વડીલોને "શેતાનના રાજ્યમાં શાકાહારી પણ મડદાં જેવા થઈ જાય છે" એમ કરીને ખૂબ પટકયા છે.



ભારતીના લખાણનો નમૂનો (૧)

દેશવાસીઓના હકો તરફ દુર્લક્ષ કરનારા મહારાજાઓને પણ એમણે તીખી તમતમતી ભાષામાં ખૂબ સંભળાવ્યું છે. ધર્મરાજાએ જે રીતે દેશને ગુમાવ્યો, તેનું વર્ણન કરતાં ભારતી કહે છે :-

મહારાજ એ તો ન સમજ્યા જરાયે,
પોતા સમો દેહ નિજની પ્રજાનો,
ઘડાયલો છે હાડમાંસનો.
બકરાં અને ઘેટાંનાં ઝૂંડ એ છે,
શું ભ્રષ્ટબુદ્ધિ એણે જ માન્યું ?



ભારતીના લખાણનો નમૂનો (૨)

એટલું જ નહિ, ભારતી આગળ કહે છે :-

પૂજારી વેચે જહીં મૂર્તિઓને,
રખવાળ ઘરનો ઘરને જ લૂંટે.
કેટલાય ધર્મના જાણનારા,
એ ધર્મરાજા બધું હારી બેઠા.
છિ: છિ:
એ કામ કેવું હલકું હતું હા.

આ પંક્તિઓમાં "છિ: છિ:" માં એમની કેવી વ્યથા પ્રગટ થઈ છે !

ભારતી જે કંઈ લખતા, તેની દ્વારા એમના વાચકોમાં શ્રદ્ધા પ્રેરતા. ગમે તેવી દુઃખદ પરિસ્થિતિ હોય તોયે એ નિરાશાજનક પરિસ્થિતિમાં કાવ્યને પૂરૂં નથી કરતા. "પાંચાલી શપથમ્" માં ધર્મરાજ બધું જ – દ્રૌપદીને પણ હારી જાય છે, ત્યારે જુઓ અર્જુન શું કહે છે—

"ભલે ઘેરી લે છળકપટ ધર્મને,
પણ અન્તે તો વિજય છે ધર્મનો જ.
આપણે આપણી ફરજ બજાવીએ.
આજે આપણે બંધનમાં છીએ.
આપણે પ્રતિજ્ઞા લઇએ,
શાંતિથી સહન કરીએ.
પણ સમય પલટાવાનો જ છે
ધર્મનો વિજય નિશ્ચિત થવાનો જ છે.
ધનુષ પણ હશે, એનું નામ હશે ગાંડીવ."

કુઇલ પાટ્ટુ

"કુઇલ પાટ્ટુ" કાલ્પનિક હાસ્ય કાવ્ય છે. એમાં એક કોયલ વારાફરતી વાંદરા તથા આખલા સાથે પ્રેમની વાતો કરે છે, એ વાંચતાં આપણે હસવું રોકી શકતા નથી.

"પ્રેમ, પ્રેમ, પ્રેમ
ન મળે પ્રેમ તો,
મૃત્યુ, મૃત્યુ, મૃત્યુ ભલું."

કવિની સાથે આ રીતે પ્રેમની વાતો કરનારી કોયલ જ્યારે વાંદરા સાથે પ્રેમની વાણી ઉચ્ચારે છે, તો જુઓ. એ કેવી રીતે માનવની ઠેકડી ઉડાવે છે—

"એ ભલે લાખો પ્રયત્ન કરે,
શરીરને રેશમી રૂંવાડાં વગરનું બનાવી

સાત કપડાંથી ઢાંકી દે,
મૂછો રાખે, દાઢી મૂડાવે,
તારા ચાંદ જેવા મુખની જેમ.
ઉછાળાકૂદકા મારવાની તમારી જોડે
હરિફાઈ કરવા માટે
ખુબ ઢીંચીને કૂદાકડા માર્યાં કરે.

ભારતીએ "કુઈલ પટ્ટુ" ની રચના આ આંબાવાડીમાં કરી હતી.



ભલેને સીડી ગોઠવીને
ઊંચાં મકાન પર ચઢે,
ગમે તે કરે,
પણ ક્યારેય ચપળતા મેળવી શકશે ?
ડાળીએ ડાળીએ કૂદવાની એ શક્તિ ?
ક્યાંથી લાવી શકશે એ લાંબું પૂંછડું ?"

આ પંક્તિઓથી એ વાતની પણ જાણ થાય છે, કે ભારતી કુદરતની સુંદરતાનું વર્ણન પણ અદ્ભુત રીતે કરી શકતા હતા.

કણ્ણન પાટ્ટુ

ભારતી માનતા, કે કણ્ણન ભારતના ઈષ્ટદેવ છે.

કૃષ્ણની આરાધના સામાન્ય મનુષ્ય પણ કરી શકે, એ હેતુથી, એમણે 'કણ્ણન પાટ્ટુ' કાવ્ય રચ્યું.

"કણ્ણન પાટ્ટુ" કવિતા સંગ્રહમાં ભારતીએ ક્યારેક કણ્ણનને જીવનને જીતનારા બાળક જેવો; ક્યારેક અસતનો વિનાશ કરનાર સમ્રાટના જેવો, ક્યારેક યુદ્ધમાં શત્રુઓનો સંહાર કરનારા શૂરવીર યોદ્ધા જેવો, તો ક્યારેક રણભૂમિમાં ચિંતાઓથી મુક્ત જ્ઞાનીપુરુષ જેવો, દર્શાવ્યો છે, અને એનાં ગુણગાન કરે છે. એમાં એમણે કૃષ્ણનાં કેટકેટલાં રૂપો દર્શાવ્યાં છે. મિત્ર શિષ્ય,પ્રેમી અને પ્રિયતમાનો.

આપણી પરંપરા પ્રમાણે ઈશ્વરને પ્રિયતમ અને ભક્તને પ્રિયતમાના રૂપે નિરૂપવામાં આવે છે. એને નાયકનાયિકા ભાવ કહે છે. એ પરંપરાથી ઉલટું ભારતીએ કણ્ણનને પ્રિયતમાના રૂપમાં ચિતર્યો છે.

ભારતીનો કણ્ણન એક જીવંત શબ્દચિત્ર સમો છે.

"કણ્ણન છે જબરો ખેલાડી
મારો કણ્ણન.

ગલીગલીમાં છોકરીઓને છેડતો
ફરતો ફરે છે, મારો કણ્ણન."

અથવા,

"નાનીશી સોનેરી ચકલી
મારી કણ્ણમા,
તું તો મારી મોંઘી મિરાત છે."

ગીતમાં કણ્ણન આપણને આપણી સામે ઉભેલા દેખાય એ રીતનું ચિત્રણ કર્યું છે.

'કણ્ણન મારો સેવક' ગીતમાં ભક્તો જે રીતે કણ્ણનને સતાવે છે, તેનું હાસ્યપ્રધાન નિરૂપણ કર્યું છે. પણ સાથે સાથે એ પણ દર્શાવ્યું છે, કે એ રીતે જ એમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું.

કણ્ણન સામ્રાટ બનીને આપણું રક્ષણ કરે છે. એને ઢૂંઢવા જંગલમાં ભટકતી એની પ્રિયતમાની સામે કણ્ણન શિકારીનું રૂપ લઈને જાય છે. એને ખીજવે છે, સતાવે છે, અને પછી પોતાનું અસલ રૂપ ધારણ કરી એને મુગ્ધ કરીને રીઝવે છે.

બીજા એક ગીતમાં કણ્ણનની પ્રિયતમા વિરહવ્યથા ગાય છે. તેમાં કહે છે :—

"મુખડું રૂપાળું હું ભૂલી અભાગણી,
દુઃખડાં શી રીતે કહું મારી સજની ?"

એ ગીતમાં હૃદયની લાગણીઓ બહુ અસરકારક રીતે આલેખાઈ છે.

કણ્ણનને ભારતી જ્યાં પ્રેમિકાના રૂપમાં ચિત્રિત કરે છે, ત્યાં ભક્તિભાવ પરાકાષ્ઠાએ પહોંચે છે.

"આંખ હું છું તાહરી,
જોઉં તો પ્રકાશ રૂપ તું."

એમની કવિતામાં ભાવની જોડે લય પણ છે. આજે તમિલનાડુમાં ભાગ્યે જ કોઈ એવું સ્થાન હશે, કે જ્યાં "કણ્ણન પાટ્ટુ" નહિ ગવાતું હોય.

મા પરાશક્તિ

૧૯૧૦ની શરૂઆતમાં, ભારતીએ શ્રી અરવિંદને પુદુચ્ચેરી આવવાની તથા ત્યાં રહેવાની વ્યવસ્થા કરવામાં મદદ કરી. વર્ષના પહેલા ૭ મહિનામાં જ ક્રાંતિકારી વ.વે.સુ. અય્યર લંડનથી પુદુચ્ચેરી આવ્યા.


શ્રી અરવિંદે પશ્ચિમના તથા ભારતીય સાહિત્યનો ઊંડો અભ્યાસ કર્યો હતો. અને હવે ક્રાન્તિને માર્ગેથી એ યોગસાધનાના માર્ગ તરફ વળ્યા હતા. વ.વે.સુ. અય્યર પણ એમના જેવા જ મહાન જ્ઞાની હતા. એ પણ શ્રી અરવિંદની જેમ જ ક્રાન્તિકારી હતા, અને માતૃભૂમિની આઝાદી માટે અંગ્રેજ સરકાર સામે યુધ્ધે ચડ્યા હતા. એ બન્ને જોડે ભારતી સાહિત્ય અને બીજા અનેક વિષયોની ચર્ચા કરતા, એ વખતે પોતાનાં અંગત દુઃખો ભૂલી જતા.

એ દિવસોમાં ભારતીને પરાશક્તિ તરફ ભક્તિભાવ પ્રગટ્યો. પરાશક્તિની ભક્તિનો અર્થ છે કે ઈશ્વરના નારી રૂપની ભક્તિ કરવી. ભારતની પ્રાચીન ભક્તિ પરંપરામાં પરાશક્તિની ભક્તિનો પણ સમાવેશ થાય છે.

એ પાંચ વર્ષના હતાં, ત્યારે માનું મૃત્યુ થયેલું. એથી સ્ત્રીઓ પ્રત્યે એમના હૃદયમાં નાનપણથી જ કુમળી લાગણી હતી. 'મા' શબ્દ બોલતાં જ એ ગળગળા બની જતા.

નમાયા ભારતીને એમની સાવકી મા પ્રેમથી નવડાવી દેતી. પિતાનું મૃત્યુ થતાં એ કાશી ગયા ત્યાં પણ એમનાં ફોઈએ એમને ખૂબ લાડકોડથી ઉછેર્યા.

એટ્ટયપુરમમાં ભારતી નિશાળે જતા તો પોતાની સ્લેટ તથા ભણવાની ચોપડીઓ ભૂલથી ક્યાંક મૂકી દેતા અને ક્યારેક પનઘટ પર તો ક્યારેક આંબાવાડિયામાં બેસીને પ્રકૃતિની સુંદરતા જોતાં જોતાં પોતાને ભૂલી જતા, આની જાણ થતાં એમના પિતા



શ્રી અરવિંદ

ગુસ્સે થાય એ સ્વાભાવિક હતું, ત્યારે એમની સાવકી મા એમની વહારે ધાતાં અને એમને બચાવી લેતાં.

કાશીમાં યુવાન ભારતીએ દક્ષિણ ભારતની વેશભૂષા છોડીને ઉત્તર ભારતની વેશભૂષા ધારણ કરી, ત્યારે એમના ફુઆ ચીઢાતા, પણ એમની ફોઈ એમનો પક્ષ લેતાં.

કાશીથી દક્ષિણમાં આવ્યા તો આવતી વખતે કલકત્તામાં વસતા સ્વામી વિવેકાનંદનાં શિષ્યા નિવેદિતા દેવીનાં દર્શન માટે એ ગયા. તે સમયે નિવેદિતા દેવીએ એમને આશીર્વાદ આપ્યા, એથી એમને ખૂબ શાંતિ મળી. એમણે નિવેદિતા દેવીને એમનાં ગુરુ માન્યાં, અને નારી મુક્તિના કાર્યમાં એ સક્રિય બન્યાં.

આટલી બધી સ્ત્રીઓનો પ્રેમ મળવા છતાં, એમને માની ખોટ સતત સાલ્યા કરતી. કદાચ એને લીધે જ એ મા પરાશક્તિના પરમ ભક્ત બન્યા, અને પરાશક્તિ વિશે ઘણાં ગીતો લખ્યાં. પરાશક્તિનાં વિવિધ રૂપો, કાલિ, મારી (શીતળામાત); ઉમા, લક્ષ્મી, સરસ્વતી, વગેરે પર લખેલાં ભાવભર્યાં ગીતો. બીજાં દેવીગીતો જેવાં ચાલતી આવેલી પરંપરા અનુસાર લખાયલાં ગીતો નથી, પણ એમાં નવા વિચારો છે અને પોતાની જાતને દેવીને સમર્પી દીધી હોય તેવા ઊર્મિસભર આર્દ્ર હૃદયના ઉદ્દગારો છે.

શીતળામાતા પર લખેલા એક સામાન્ય ગીતમાં પણ જ્યારે એ કહે છે—

"ઉજળું થતું માટી થકી જ વસ્ત્ર,
ને રાખથી દેહ ઉજળો બનન્તો,
ઉજળું બને ધાર વડે જ રત્ન.
મા તું બતાવ, ઉજળું મન થાય શાથી?"

એ પંક્તિઓ આંખમાંથી આંસુ વહેવડાવે છે.

"બોલો ઓમ શક્તિ, ઓમ શક્તિ,
શક્તિ શક્તિ બોલો.

ને મનની ચંચળતાને
દૂર કરો."

આ પંક્તિઓ ગાતાં આપણે પણ આપણા મનની ચંચળતાને દૂર કરતા હોઈએ એવો અનુભવ થાય છે.

"વીણા કેવી આ અહીં છે રૂપાળી,
ધૂળમાં તેને કેમ દેવાય ફેંકી ?
તું કહે મને ઓ શિવશક્તિ
દીધો મને તેં જ્ઞાનકેરો પ્રકાશ,
તો આપશે શક્તિ તું મને ના,
સેવા કરવા, ભારતી માત કેરી ?
બોલ હે શિવશક્તિ,
રહેવા દેશે આ ધરતીના
ભારરૂપે મને તું ?"

એક ગીતમાં એઓ કહે છે, કે એમની ભક્તિ અંગત સ્વાર્થ કે લાભ માટે નથી. એ પરાશક્તિ પાસે જે માંગે છે, તે માત્ર દેશનું જ નહિ પણ આખા જગતનું કલ્યાણ માંગે છે. આ રીતે એમનાં ભક્તિગીતોમાં એમની જન-કલ્યાણની ભાવના અસરકારક રીતે વ્યક્ત થઈ છે.

એમણે એમનાં ભક્તિ કે જ્ઞાનનાં ગીતો દ્વારા જ નહિ, પણ એમનાં બાળકાવ્યો દ્વારા પણ લોકપ્રિયતા મેળવી.

દીકરી વ્હાલી, નાચજે, કૂદજે તું,
આળસ કદિ કરતી નહિ.
સૌની સાથે હળીમળીને ખેલીએ,
આપણા સાથીને ના કદિ છોડીએ.
દીકરી વ્હાલી, નાચજે કૂદજે તું."

'પાપા પાટ્ટ' માં બાળકોને હસતા, રમતા, કલ્લોલ કરતા રહેવાનો ઉપદેશ છે, તો સાથે સાથે બધા જોડે હળીમળીને રહેવાનો, ઝઘડો ન કરવાનો, એકબીજાની જોડે પ્રેમથી વર્તવાનો પણ ઉપદેશ આપ્યો છે.

સમાજમાં ઊંચનીચ, પૈસાદાર, ગરીબ, નાના મોટા વગેરેના જે ભેદભાવો છે, તેને નાબૂદ કરવાની એમણે એમનાં ગીતોમાં હાકલ કરી છે.

ભારતીએ આખા જગતને એકરૂપે જ જોવું છે. જગતના બધા ઉદ્યોગોને એમણે પરાશક્તિનું કાર્ય જ માન્યું છે. એમણે કહ્યું છે—

"આળસને નાબૂદ કરે, એ સાહસ છે શક્તિ,
શબ્દોમાંનો છૂપો જે છે, અર્થ ને તે જ શક્તિ."

દરેક ગીતની પૂર્વે "કામ છે શક્તિ" કહીને એમણે કામને જ ઈશ્વરના રૂપમાં જોયું છે. એક બીજા ગીતમાં એમણે કહ્યું છે,"આવો, જગતનું કોઈ પણ કામ એવું નથી, કે જે આપણે કરી ન શકીએ." તથા "શેરીઓમાં ઝાડુ વાળવાની કલા પણ શીખો" કહીને કામનું મહત્ત્વ સમજાવ્યું છે.

ભારતીએ મોટાભાગનાં ગીતો સામાન્ય માનવીને ધ્યાનમાં રાખીને સરળ છંદોમાં, તથા સહેલાઈથી ગાઈ શકાય એવા ઢાળમાં લખ્યાં છે. ભારતીનો ઉદ્દેશ હતો કે એમનાં ગીતો ફક્ત પુસ્તકોમાં જ પૂરાયલાં ન રહે, પણ જનવાણી બનીને સમાજને પ્રગતિને પંથે લઈ જાય.



જાસૂસોનો ત્રાસ

૧૯૧૧માં દક્ષિણના મણિયાંચી સ્ટેશનમાં વાંછી નામના એક ક્રાન્તિકારી યુવાને જિલ્લાના કલેકટર એશને ગોળીથી ઠાર કર્યો, અને તરત જ પોતાની છાતીમાં ગોળી મારીને આત્મહત્યા કરી. આ બનાવથી લોકોમાં ખળભળાટ મચી ગયો. એશે થોડા સમય પહેલાં તુતુકુડીમાં લોકો પર અત્યાચાર કરેલો, એટલે સરકારને શંકા ગઈ, એશને મારવાનું કાવત્રું પુદુચ્ચેરીમાં જ રચાયું હોવું જોઈએ. એનું પરિણામ એ આવ્યું કે ભારતીની સાથે પદુચ્ચેરીમાં રહેતા બધા દેશભક્તોને પોલીસ હેરાન કરવા લાગી.

બસો પોલીસનું એક દળ પુદુચ્ચેરીની સરહદ પર ગોઠવાયું. ભારતી, અય્યર, શ્રીનિવાસાચારીને બ્રિટિશ સરહદ સુધી લઈ આવનારને વ્યક્તિદીઠ હજાર રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત થઈ. પુદુચ્ચેરી શહેરમાં મદ્રાસની પોલીસના કેટલાક જાસૂસો ઘૂસ્યા, અને ભારતી તથા એના સાથીઓ જયાં પણ જતાં, ત્યાં એમની પાછળ પાછળ જતા.

કેટલાક જાસૂસો ભારતીના ઘરમાં વેષપલ્ટો કરીને આવતા, તથા ભારતીને વાતોમાં વળગાડી એમનું મન જાણવાનો પ્રયત્ન કરતા. એ જાણવા ઈચ્છતા હતા, કે ભારતી, કોઈ બોંબ ફેંકવાના, કે બંદૂકની ગોળી ચલાવવાના કાવત્રામાં સક્રિય છે ખરા ?

પણ ભારતીને તો બોંબ, ગોળી, જેવા હિંસક માર્ગ પસંદ નહોતા. એ તો હિંસક માર્ગના કટ્ટર વિરોધી હતા. છતાં પોલીસ એમને હેરાન કર્યા કરતી.

એકવાર પોલીસનો એક જાસૂસ હીરા, માણેક, મોતી વગેરેના વેપારીનો વેશ લઈને એમની પાસે આવ્યો. ભારતી તરત જ એને ઓળખી ગયા. એમણે કહ્યું, "ભાઈસાહેબ ! મારી પાસે થોડા હીરા (લખાણ) છે. તો તમારી સરકારની લાગવગ લગાડી એને વેચાવી આપોને ? તમારી પાસે પોલીસ ડાયરી તો છે ને?' જાસૂસ હેબતાઈ ગયો, અને ત્યાંથી ભાગ્યો.

બીજી એકવાર પણ એવું જ બન્યું. માથે ટાલવાળો એક જાસૂસ સાધુનો વેશ લઈને એમની પાસે આવ્યો. એણે કહ્યું, "સાહિત્યમાં ખૂબ રસ છે. હું આપને મળવા માટે કેટકેટલી મુશ્કેલીઓ વેઠીને આવ્યો છું!" ભારતી તો એ કોણ છે તે જાણી ગયા હતા. એટલે એ તો ગાવા લાગ્યાઃ "કૂતરો યે કરે આવાં કામ:" પેલાએ એમને હાથ જોડ્યા. ભારતી હસી પડ્યા, અને કહ્યું, "અરે હાથ તો ગૃહસ્થ હોય તે જોડે. તમે તો સન્યાસી છો, તમારે તો

વ.વે.સુ. અય્યર



આશીર્વાદ આપવાના હોય, પાખંડી ! સારી રીતે જુવો, આવું હલકું કામ શા માટે કરો છો ?" એમ કહીને એને સારી સલાહ આપીને વિદાય કર્યો.

એકવાર વ.વે.સુ. અય્યરના ઘરની પાછળના કુવામાંથી એક પેટી નીકળી. કોણ એને નાંખી ગયું હતું, તેની ખબર પડી નહિ. અય્યર, ભારતી તથા એમના સાથીઓ એને અમલદારની પાસે લઈ ગયા અને એમની સામે જ એને ખોલવામાં આવી. પેટીમાં કેટલાક કાગળો હતા. એ કાગળો છાપેલા હતા. જેના પરથી એ સાબિત થતું હતું, કે અય્યર, ભારતી, નીલકંઠ બ્રહ્મચારી વગેરે દેશભક્તોએ ગોરાઓની હત્યા કરવાનુ કાવત્રું રચ્યું છે. અય્યર તથા ભારતીએ એ પૂરવાર કર્યું, કે એ મદ્રાસ પોલીસનાં કારસ્તાન છે.

જ્યારે આવા નાના મોટા દાવપેચથી કંઈ વળ્યું નહિ, ત્યારે મદ્રાસની પોલીસે ફ્રેંચ અમલદારોની મદદ માગી. પરિણામે એક નવો કાયદો ઘડાયો. એ પ્રમાણે પુદુચ્ચેરીમાં રહેનારા ભારતીઓને એક ચોક્કસ તારીખ પહેલાં પાંચ ન્યાયાધીશોની સહીવાળું પ્રમાણપત્ર રજૂ કરવાનું હતું. મદ્રાસની પોલીસે માન્યું હતું, કે ભારતી તથા એમના સાથીઓને સહી કરી આપવા કોઈ પણ ન્યાયાધીશ તૈયાર નહિ થાય.

વ.રા.



નેલ્લૈયપ્પર



ભારતીદાસન





જ્યારે ભારતી અને એમના સાથીઓ ન્યાયાધીશની સહીઓ લેવા માટે હેરાન થતા હતા, ત્યારે ભારતી કલવે શંકર ચેટ્ટિયાર નામની જાણીતી વ્યક્તિ પાસે ગયા અને કહ્યું, "ભાઈ ચેટ્ટિયાર, તમે બધા છો. છતાં શું અમારે પુદુચ્ચેરી છોડવું પડશે ?"

શંકર ચેટ્ટિયારે બધી હકીકત જાણી. એમણે કહ્યું, "અહોહો ! આવી વાત છે? હું સન્માન્ય ન્યાયાધીશ છું. આજે સાંજ સુધીમાં બીજા ચાર ન્યાયાધીશોની સહી હું જાતે લાવી આપીશ. તમે ચિંતા ન કરતા." આમ પહાડ જેવી મુશીબત, તણખલાની જેમ ઊડી ગઈ.

સાહિત્યિક શિષ્યો

ભારતી જ્યારે પુદુચ્ચેરીમાં હતા, ત્યારે ત્યાં ત્રણ યુવાન લેખકોએ—વ. રામસ્વામી (વ.રા.), કનક સુબ્બુરત્નમ્ (ભારતીદાસન), તથા પરલી સુ. નેલ્લૈયપ્પર પિલ્લૈએ ભારતીને પોતાના સાહિત્યિક ગુરુ માન્યા હતા. એ ત્રણ લેખકોએ, ભારતી જીવતા હતા, તે દરમ્યાન તથા એમના મૃત્યુ પછી પણ જગતને એમની ઉચ્ચ પ્રતિભાનો પરિચય કરવાનું નિષ્ઠાપૂર્વક કાર્ય કર્યું. રાજકીય કારણોને લીધે, જ્યારે બીજા બધા ભારતીનાં પુસ્તકો છાપવાને તૈયાર નહોતા, ત્યારે નેલ્લૈયપ્પરે ભારતીનાં કેટલાંક પસંદ કરેલાં ગીતોના ચાર સંગ્રહો છાપ્યા. ભારતીના મૃત્યુ પછી, કેટલાક લોકોએ એક સામાન્ય કવિ તરીકે એમની ગણના કરી, ત્યારે વ.રા.એ એનો વિરોધ કર્યો અને ભારતીની કાવ્યશક્તિનું વિગતથી વિવેચન કરીને એ સાબિત કર્યું, કે એ અત્યંત ઉચ્ચ કોટિના કવિ હતા. ભારતીદાસનને ભારતીદ્વારા પ્રેરણા મળી, અને આગળ જતાં તમિલના શ્રેષ્ઠ કવિઓમાં એમને સ્થાન મળ્યું.

←ભારતી એમની પત્ની, બે પુત્રીઓ તથા મિત્રો સાથે.

સાહિત્યમાં અવનવા પ્રયોગો

તમિલ સામાયિકો કે પત્રિકા ન રહ્યાં, અને પુસ્તકો છપાવવાનો કોઈ માર્ગ ન રહ્યો, ત્યારે ૧૯૧૨માં ભારતીએ મદ્રાસથી પ્રગટ થતા અંગ્રેજી છાપાંઓને માટે લખવા માડ્યું. એ તંત્રીને પત્રોના રૂપમાં એમનું લખાણ મોકલતા. એમનાએ પત્રો એની બિસન્ટનું દૈનિક 'ન્યૂ ઈંડિયા', 'કોમનવીલ', તથા કસ્તુરીરંગ આયંગારનાં 'હિન્દુ' દૈનિકમાં પ્રગટ થતા.

જોકે, તંત્રીને નામે રાજકારણ તથા તત્ત્વજ્ઞાન વિષે લખાયલા એ પત્રો હતા, તેમ છતાં એક ઉત્તમ લેખનાં બધાં લક્ષણો એમાં રહેલાં છે. એ પત્રો તથા ભારતીની અંગ્રેજી કવિતાઓને "અગ્નિ એન્ડ અધર પોએમ્સ", "એસેઝ" શીર્ષક આપીને પ્રગટ કરવામાં આવ્યાં છે.

સદ્‌ભાગ્યે ભારતીના પરમ સ્નેહી શ્રી રંગસ્વામી અયંગાર ૧૯૧૫ માં 'સુદેશમિત્રન'-ના માલિક અને તંત્રી બન્યા. એમને જ્યારે ખબર પડી કે પુદુચ્ચેરી માં ભારતી બહુ મુશીબતમાં જીવન વિતાવે છે, ત્યારે એમણે ભારતીને લખ્યું કે તમે તમારી વાર્તાઓ તથા લેખો "સુદેશ મિત્રન" માં મોકલતા રહેજો એટલું જ નહિ, પણ એમ પણ જણાવ્યું કે ભારતી લખે કે ન લખે એ દરમહિને મનીઓર્ડરથી ત્રીશ રૂપિયા એમની પત્નીને મોકલતા રહેશે.

'સુદેશ મિત્રન' માં લખેલા લેખો 'તરાજૂ' શીર્ષકથી એકત્રિત કરીને પ્રગટ કરવામાં આવ્યા છે. એ લેખોમાં રોજબરોજની ઘટનાઓનાં, તથા વારંવાર જેને મળવાનું થાય તેવી

વ્યક્તિઓનાં ચિત્રણ એવી રીતે કરવામાંઆવ્યાં છે, કે આપણે એ વાંચતા એ ઘટનાઓને બનતી જોઈએ તથા વ્યક્તિઓને આપણી નજર સામે ઊભેલી જોઈએ. એ જીવતાં શબ્દચિત્રો જ છે.

'તરાજૂ' ના લેખો લખતાં ભારતીને શબ્દચિત્રો દોરવાની પોતાની શક્તિનો પરિચય થયો. "તરાજૂ" પછી "ઈડિપલ્લીકૂડમ", "કડર પાલત્તિલ" વગેરે શબ્દચિત્રોનાં પુસ્તકો પ્રકાશિત કર્યા. એમાં ચિત્ત પર અંકાઈ જાય એ રીતે લોકોનાં ચિત્રો આલેખ્યાં છે, એમના વિચારો, એમની વાતચીત કરવાની રીતો, એ વખતે થતા શરીરનાં અંગોનું હલનચલન, એમની ત્રૂટિઓ, તથા એમના ગુણો એ બધાની આકર્ષક રીતે રજૂઆત થઈ છે. એમના મિત્રોને અનેક ઉપનામ આપી તમિલ સાહિત્યમાં એમને ચિરંજીવ બનાવ્યા. હંમેશા વેદાન્તની ચર્ચા કર્યા કરતાં એક મિત્રને "બ્રહ્મરાય અય્યર" નામ આપ્યું. બીજા એકનો



એ. રંગસ્વામી અયંગાર

અવાજ એટલો બુલંદ હતો, કે દૂર દૂર સુધી સંભળાતો. તેને "ઈડિપલ્લીકૂડમ" કહ્યા. સફેદ ઉંદર પાળનાર મિત્ર "એલિકુંજુ ચેટ્ટિયાર" બની ગયા. ભાડાના રૂપિયા માટે વારંવાર ઉઘરાણી કરનાર મકાનમાલિકને "વિલકકેણ્ણે ચેટ્ટિયાર" કહ્યો, જોકે પાછળથી એ મકાન માલિક એમનાથી એટલો પ્રભાવિત થઈ ગયો હતો, કે ભાડું લીધા વિના જ પાછો આવતો.

સીધો સાદો મંદિરનો પૂજારી એમના શબ્દચિત્રમાં "કોંકણ પટ્ટર" બની ગયો. સમાજસુધારા તથા નારીમુક્તિનું આંદોલન ચલાવનાર વેદવલ્લી અમ્માલ એ નામથી પુરુષોને પડકારતી હતી. પુદુચ્ચેરીમાં પહેલાં જે લાંબો પુલ હતો, ત્યાં બેસીને ભારતી પોતાના મિત્રો સાથે જાતજાતની ચર્ચા કરતા. એ ચર્ચાઓ તથા વાતચીતમાંથી જ એમને શબ્દચિત્રો લખવાની સામગ્રી સાંપડી. આ રીતે ભારતીને સમજાયું, કે માત્ર કાવ્યમાં જ નહિ, પણ સાહિત્યનાં વિવિધ ક્ષેત્રોમાં ઉત્તમ સર્જન કરવાની એમનામાં શક્તિ હતી.

કવિરાજ અને લુહાર

એ દિવસોમાં એમણે "કદૈ કોત્તુ", "નવતંત્ર કદૈકમ્મ" વગેરે હાસ્યકથાઓના સંગ્રહો પ્રગટ કર્યા. "કદૈ કોત્તુ" માં "કવિરાજ અને લુહાર" વાર્તાનો સાર આ પ્રમાણે છેઃ


એક દિવસ એક વિખ્યાત કવિ ગલીમાંથી પસાર થતો હતો. એ ગલીમાં એક લુહારની દુકાન હતી. લુહાર ગીત ગાતો હતો. એ ગીત પેલા કવિનું જ રચેલું હતું. કવિ ખુશ થઈને ગીત સાંભળવા ઊભો રહ્યો. એનાં ગીતો જનતા હોંશથી ગાય છે, એ જોઈને એ તો રાજી રાજી થઈ ગયો. પણ એકાએક એનો ચહેરો ગુસ્સાથી લાલચોળ બની ગયો. કારણ લુહાર કવિના શબ્દો એવી રીતે તોડી મચડીને ગાતો હતો, કે એનો અર્થ જ અવળો થઈ જાય

કવિ લાગલો જ લુહારની પાસે આવ્યો, અને લુહારનાં ઓજારો તથા બીજો સામાન ઊંચકી ઊંચકીને ફેંકવા લાગ્યો.

"એઈ મૂરખા, આ તું શું કરે છે. મારી આ બધી ચીજો શા માટે ઊંચકીને ફેંકે છે? આ તો મારી કમાણીનું સાધન છે. મારા જીવનનો આધાર છે." લુહાર લાલપીળો થતો બોલ્યો.

"ભાઈ, હમણાં જે ગીત તું ગાતો હતો, એ ગીત મેં રચેલું છે. તેં મારા શબ્દો તોડી મચડીને ગાયા. તને ખબર છે, શબ્દ તો મારા જીવનનો આધાર છે." કવિએ એને પાઠ ભણાવ્યો.

એ રીતે ભારતીએ કવિતાને અર્થ બરાબર સમજીને ગાવી જોઈએ, એ વાતનું મહત્ત્વ સમજાવ્યું.



"જયજયકાર હો મહાત્મા તમારો!"

૧૯૧૮ ના નવેંબર મહિનામાં ભારતીએ પુદુચ્ચેરી છોડયું, કારણ એમને પુદુચ્ચેરી વિશાળ કારાગાર જેવું લાગવા માંડયું હતું. ત્યાં એમને પકડીને ચોવીશ દિવસો સુધી જેલમાં પૂરી રાખ્યા હતા, અને પછી છોડી દીધા હતા. એ તિરૂનેલવેલી જિલ્લામાં એમના સસરા રહેતા હતા, ત્યાં કડ્યમમાં રહેવા ગયા.

દશ વર્ષ પછી એ અંગ્રેજોના ભારતમાં સ્વતંત્ર રીતે, કશી દખલ વિના રહી શકયા. એમણે નવા સ્થાનમાં આવીને પહેલું કામ એ કર્યું, કે પોતાનાં બધાં લખાણને એકઠું કર્યું, અને એને ચાવીશ ભાગોમાં છપાવવાનો વિચાર કર્યો. એ માટે એમણે એક યોજના તૈયાર કરી, અને પોતાના મિત્રોને વ્યાજ લઈને ઉધાર પૈસા આપવા કહ્યું. પણ જેટલી એમણે ધારણા રાખી હતી, તેટલી રકમ મળી નહીં એટલે એમણે યોજના પડતી મૂકી.

ભારતી અંગ્રેજ સરકાર સામે ખુલ્લી રીતે લડત ચલાવતા હતા તેથી એમને મદદ કરીને લોકો સરકારનો ખોફ વહોરી લેવા ઈચ્છતા નહોતા.

મહાત્માને શુભેચ્છાઓ


૧૯૧૯ ના માર્ચમાં ભારતી અચાનક મદ્રાસ આવ્યા. એ કદાચ કોઈ પણ જાતની નોકરી મળી જાય તો શોધવા આવ્યા હતા.

એ દિવસોમાં મહાત્મા ગાંધી પણ મદ્રાસ આવ્યા હતા. અસહકારની લડતની તૈયારીઓ ચાલતી હતી.

ભારતી મદ્રાસમાં મહાત્મા ગાંધીને મળ્યા. એમણે ગાંધીજીને કહ્યું, "આપની લડતમાં મારી શુભેચ્છાઓ તમારી સાથે છે," એમણે શુભેચ્છાઓ દર્શાવી.

એ સાંજે તિરૂવલ્લી કેણી કિનારે એક જાહેરસભામાં બોલતાં એમણે "મહાત્મા ગાંધી પંચકમ્" ગીત રચેલું તે ગાયું, "મહાત્મા તમારો જય જયકાર હો" થી એ ગીત શરૂ થાય

૧૯૨૦ માં ભારતીએ મિત્રને લખેલો પત્ર



છે, અને "યુદ્ધ-હિંસાને ધિક્કાર્યાં તમે" તથા "અહિંસાનો માર્ગ છે સદા ધાર્મિક" ગાઈને એમણે મહાત્મા ગાંધીના અહિંસાના માર્ગની ખૂબ ખૂબ પ્રશંસા કરી. એ ગીતમાં એઓ કહે છે, "અસહકારથી ભારતનું ભવિષ્ય કેવું બનશે ? વિરોધને ત્યાગો, વિશ્વ કલ્યાણની કરો તમે વાત." આ પંક્તિમાં એમની દીર્ઘદૃષ્ટિનાં દર્શન થાય છે.

મહાત્મા ગાંધીની પ્રશંસાના એક બીજા ગીતમાં પણ એમણે આ જ સૂર ગાયો છે. "ભારતમાતા નવ રત્ન ભાલે" ગીતમાં એ કહે છે :—

"દેશની પ્રગતિ માટે
તમે લીધો આંદોલનનો માર્ગ,
એ માર્ગે તો કોઈ આપત્તિ છે ના."

ગાંધીજીને અભિનંદન આપતાં કહે છે :—

"આત્મા એવો, શીત તેને ન શોષે,
ને ના ગરમી જેહને પીગળાવે.
થાકે ના કે નહિ કદિ પડે,
દેશનેતા અનન્ય.
દિશદિશથી ગાજયું ગાંધીનું નામ,
આથી કીધો ધર્મયુદ્ધનો પુકાર."

ભારતી ટિળકના શિષ્ય હતા. ટિળકની પછી દેશના નેતા ગાંધીજી બન્યા, તો એમનું પણ ભારતીએ ભાવભીનું સ્વાગત કર્યું.

ફરી પાછા મદ્રાસમાં

૧૯૨૦ ના અંતમાં ભારતી ફરી એકવાર 'સ્વદેશ મિત્રન' માં જોડાયા. ત્યાં એમનું ખૂબ માનભર્યું સ્વાગત થયું. દૈનિક કાર્યો સિવાય ભારતીએ ઘણા વિષયો પર નોંધ, વાર્તાઓ તથા લેખો લખ્યાં.

ભારતી તિરૂવલ્લી કેણીના તેલ્લીયરસિંગ કોઈલ માર્ગ પરના એક મકાનમાં રહેતા હતા. એ જ મકાનમાં એઓ જીવનના અંતિમ દિવસ સુધી રહ્યા.

મદ્રાસ તિરૂવલ્લી કેણીમાંનું મકાન જ્યાં ભારતી અંતિમ દિનોમાં રહ્યા.



ભારતી જ્યારે ત્યાં રહેતા હતા, ત્યારે એમના જૂના મિત્ર નીલકંઠ બ્રહ્મચારી એમને મળવા આવ્યા. નીલકંઠે આઝાદીની લડતમાં લાંબો સમય જેલ ભોગવી હતી. બહાર આવ્યાં પછી પણ એ હિંસામાં માનનારા ક્રાન્તિકારી રહ્યા હતા. એથી લોકો એમનાથી દૂર ભાગતા. આથી ભરણપોષણનું કોઈ સાધન ન રહેતાં, એમને પેટ ભરવાનાં સાસાં હતાં.

ભારતી ઘરમાં નહોતા. નીલકંઠની વીતક કથા સાંભળી ભારતીની પુત્રી શકુંતલાએ પોતાની પાસે બે આના હતા, તે એમને આપ્યા. નીલકંઠે એમાંથી ખાવાનું લઈને ખાધું. એ પાછા ભારતી ઘરમાં હતા ત્યારે આવ્યા, અને કહ્યું, "ભાઈ! ત્રણ દિવસથી કંઈ ખાધું નથી." ભારતી દુઃખી દુઃખી થઈ ગયા. એમણે કહ્યું, "આ કેવી દુનિયા છે, જ્યાં દેશભક્તોને આમ ભૂખે મરવું પડે છે?" એમણે નિશ્વાસ નાંખ્યો. પાડોશી પાસેથી પાંચ રૂપિયા ઉધાર લીધા અને નીલકંઠને આપ્યા.

ભારત સમાજ જયતુ જયતુ

તો શું દેશમાં આમ જ લોકો ભૂખે મરશે? દેશને માટે જીવન સમર્પણ કરનારા દેશભક્તોને શું ભૂખે મરવું પડે? ભારતીના મનમાં એવા વિચારો ઘોળાતા રહ્યા, ને એમાંથી એક સુંદર ગીત પ્રગટ્યું.

"જયતુ જયતુ ભારત" ગીતમાં ભારતીએ શ્રદ્ધા વ્યક્ત કરી છે, કે ભારતીય જનતા એક અદ્‌ભુત સમાજની સ્થાપના કરશે. મદ્રાસની જાહેરસભામાં, એમણે એમનું એ અંતિમ ગીત ગાયું.

પલ્લવી (મુખડા)

ભારત સમાજનો જય હો-જય હો-જય હો.
ભારત સમાજનો જય હો-જય ભારત હો.

અનુપલ્લવી (અંતરા)

ત્રીશ કરોડની જનસંપત્તિ,
હશે જ સહુની.
એ હશે સમાજ ન્યારો
વિશ્વમાં સહુથી ન્યારો. (ભારત)

૧. હવે નહિ છીનવશે,
કોઈ કોઈનો દાણો.
ન તો હવે કોઈ કોઈને
જરીય પીડા દેશે.
જગમાં બીજે ક્યાંય મળે જીવન આવું
ક્યાંય મળે જીવન કહો તો. (ભારત)

૨. એક હશે માલિક આપણો, કરશું રક્ષણ એનું
જો કોઈ અન્ન વિના ટળવળશે, તો કરશું વિનાશ જગનો. (ભારત)

૩. બધા એક જાતિ, બધા એક કૂળ, બધાય તો એક જ હિન્દુસ્તાની,
એક બધા છે, એક બધા છે, છે બધાય રાજા,
હા, હા, બધાય દેશના રાજા, હા-હા બધાય. (ભારત)

મહાકવિ ભારતીનું પરિપક્વ ચિંતન આ પંક્તિઓમાં સ્ફૂટ થયું છે. આ કવિતા તમિલ કવિતાની ઉત્તમોત્તમ કવિતા મનાય છે.

ભારતી અમરતાના ચાહક હતા. એ વારંવાર કહેતા તથા લખતા કે "મનુષ્ય શાશ્વત છે. એ જ્યાં મૃત્યુ નથી એવું જીવન પ્રાપ્ત કરી શકે છે." આવા ચિંતનની ભૂમિકા વખતે લખાયલા એક ગીતમાં એમણે કાળને પડકાર્યો છે. 'કાળ' જીવનનું હરણ કરનારા દેવ છે. ભારતી એને કહે છે :—

માનું તને તણખલાં સમ કાળ હું તો,
તું આવ તો ચરણની નજદીક મારા,
કે હું તને રગડીને કચડી જ નાંખું.

એ ગીતમાં આગળ કાળને પડકારતાં કહે છે,"પહેલાં આદિમૂલ" કહીને વેદનાથી ચીસો પાડતા ગજેન્દ્રને મારવા મગરમચ્છનું રૂપ લઈને તું જ ગયો હતો એ તને યાદ છે ને ?

ને પછી જાતે જ હારી ગયો. માર્કન્ડેય ઋષિનું જીવન હરવા પણ તું જ ગયો હતોને ? પછી શું થયું ? એ દિવસો ભૂલી ગયો ? આવ હવે મારી પાસે, ને જો હું તને કેવો પટકું છું." કદાચ કવિવર સમજી ગયા હતા કે હવે જીવનનો અંત પાસે આવ્યો છે.



૧૯૨૦ માં કારૈકકુડીમાં પાડેલી ભારતીની છબી

હાથીના પગની નીચે ભારતી

ભારતી રોજ તિરૂવલ્લીકેણીના પાર્થસારથીના મંદિરમાં જતા અને પૂજા કરતા. એ કયારેય ખાલી હાથે ન જતા. નાળિયેર તથા ફળો લઈને જતા. ઈશ્વરની સામે જઈ ભોગ ધરાવતા, ને પછી મંદિરના હાથીની પાસે જઈને એને નાળિયેર તથા ફળો ખવડાવતા. હાથીની પાસે એ જરાય ગભરાયા વિના પહોંચી જતા, ને એને બોલાવતા "જો દોસ્ત ! હું ભારતી આવ્યો છું." અને પછી બુચકારતા. હાથી એમને ઓળખી જતો, ને ફળો તથા નાળિયેર લઈ લેતો.

૧૯૨૧ ના જૂન માસમાં હાથીને મદ ચડ્યો હતો. એ તોફાની થઈ ગયો હતો, તેથી મંદિરની ચાર દિવાલો પાસે એને બાંધીને રાખ્યો હતો.

ભારતી રોજની જેમ હાથીની પાસે આવ્યા, લોકો બૂમો પાડવા લાગ્યા,"હાથી ગાંડો થઈ ગયો છે, એની પાસે ન જતા." પણ ભારતીએ એ બૂમો સાંભળી નહિ. એ તો નાળિયેર અને ફળો લઈને હાથીની પાસે ગયા. હાથીનું ધ્યાન બીજી તરફ હતું. એણે એકાએક વળાંક લીધો. ઝડપથી વળાંક લેતાં એની સૂંઢ ભારતીની ઉપર પડી. ભારતી આમ તો એકવડા શરીરના હતા, ત્યાં સૂંઢ વાગવાથી ગબડી પડ્યા. માથું ફૂટયું, અને શરીર પર ઉઝરડા પડ્યા. ભારતી બેભાન થઈ ગયા.

ભારતીને હાથીના પગ આગળ જોતાં લોકો ચીસો પાડવા લાગ્યા. છાનામાના જઈને ભારતીને ઊંચકી લેવાની કોઈની હિંમત ચાલી નહિ. પણ હાથી ભારતીને અડકયો પણ નહિ.



કદાચ એ સમજી ગયો હશે, કે ભારતી એના મિત્ર છે. એ જો ધારત જો એમને સૂંઢમાં ઉપાડી પછાડી શકયો હોત, કે પગની નીચે કચડી શકયો હોત. પણ એણે કશું કર્યું નહિ.

લોકો આ કારમું દશ્ય જોતા રહ્યા, પણ કોઈએ ગાંડા હાથીની પાસે જવાનું સાહસ કર્યું નહિ. એ સમયે ભારતીના મિત્ર કુવલૈ કણ્ણનને ખબર પડી એટલે એ ભારે શરીર વાળા હોવા છતાં પૂરપાટ દોડ્યા, અને ત્યાં પહોંચી ગયા. એક પળ પણ ગુમાવી નહિ અને હાથીના પગ પાસે પડેલા ભારતીને ખભા પર ઊંચકીને લઈ આવ્યા. હાથી ચૂપચાપ ઊભો હતો. એણે ભારતી કે કણ્ણનને કશું જ કર્યું નહિ.

ભારતી હંમેશાં કુવલૈ કણ્ણનનાં વખાણ કરતાં કહેતા "કુવલૈયૂર કણ્ણન તો વીરોમાં વીર છે." એ જ કણ્ણને એમને ઉગારી લીધા. ભારતીને રાયપેટ્ટૈની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા.



ભારતીના ઘા રૂઝાતાં થોડો વખત લાગ્યો. હજી પણ કેટલાક લોકો કહે છે, કે ભારતીનું મૃત્યુ હાથીએ એમને પછાડ્યા તેથી થયું. પણ એ ખોટી વાત છે.

સાજા થયાં પછી ભારતીએ એક લેખ લખ્યો, જેનું શીર્ષક હતું "કોઈલ યાને". એ લેખમાં એ લખે છે, કે જો હાથી ધારત તો એમને પછાડી શકત.

એમની નાની દીકરી શકુંતલાએ લખ્યું છે, કે આ બનાવ બન્યા પછી પણ ભારતી હાથીને નાળિયેર તથા ફળો ખવડાવતા.

શકુંતલાએ તો એ પણ લખ્યું છે, કે "એ આ બનાવ પછી પણ કામ કરવા જતા, દેશભક્તિનાં ગીતો ગાતા, સમુદ્ર કિનારે ટહેલવા જતા, તથા સભામાં ભાષણ આપતા અને ગાતા."

"કાળ" કવિતામાં એમણે કાળને ગજેન્દ્રનું સ્મરણ કરાવ્યું હતું, કદાચ એટલા માટે જ હાથીના રૂપમાં આવીને એમનો જીવ લેવાનું સાહસ 'કાળ' કરી શક્યો નહિ.

અંતિમ દિવસ

પણ સમય પૂરો થાય છે, ત્યારે 'કાળ' કોઈને કોઈ ઉપાય ખોળી કાઢે છે. આ બનાવ પછી બે મહિના વીત્યા ત્યાં ભારતીને ઝાડા થવા માંડ્યા. કદાચ એ સમજી ગયા હશે, કે એમનો અંતિમ સમય આવી ગયો છે. એટલે એમણે દવા લેવાની ના પાડી દીધી. શરીર વધારે અને વધારે નબળું પડતું ગયું, પણ એમણે દવા ન લેવાની એમની જીદ છોડી નહિ. એમની પત્ની ચેલ્લમ્માલ ઘણું સમજાવતી, મિત્રો પણ સમજાવીને થાકી જતા, પણ ભારતીએ દવા ન લેવાની જીદ પકડી રાખી.

એમના પરમ મિત્ર વ.વે.સુ. અય્યરે પણ ભારતીને કહ્યું, "ભારતી! આ શું જીદ લઈને બેઠા છો? સાંભળ્યું કે તમે દવા લેવાની ના પાડો છો, તો શું સાજા નથી થવું તમારે?" પણ ભારતી ન જ માન્યા.

૧૯૨૧ ની ૧૧મી સપ્ટેમ્બરે ભારતીની હાલત ગંભીર બની ગઈ. એ બેભાન થઈ ગયા.

ભારતીના મિત્રો નીલકંઠ બ્રહ્મચારી, પરલી સુ. નેલ્લૈયપ્પર, એ બધાની સાથે ભારતીના સગા ક. લક્ષ્મણ અય્યર પણ ભારતીના ઘરમાં જ હતા.

એ બધાએ એક ડોક્ટરને બોલાવ્યા. ડોક્ટર ભારતીની પાસે ગયા અને પૂછ્યું, "કેમ છે તબિયત?" બસ ભારતી ગુસ્સાથી લાલચોળ થઈ ગયા એમણે કહ્યું, "કોની તબિયત ખરાબ છે? મારી? ના, હું સાજોસમો છું. તમને બીજુ કંઈ કામ નથી?" એમ કહીને મોઢું ચઢાવી, પડખું ફેરવીને સૂઈ ગયા.

પહેલા પહોરે ચેલમ્માલે શકુંતલાને બોલાવીને કહ્યું, "તું પીવડાવશે, તો તારા બાપુજી દવા પણ પી લેશે." ભારતીની લાડકી દીકરી શકુંતલાએ ઝાંખા અજવાળામાં દવાને બહાને 'બાર્લી વોટર' પીવડાવી દીધું. ભારતીએ પહેલાં તો દવા લેવાની ના પાડી, પણ પછી શું સૂઝયું, કે તરત પ્યાલું લઈને પી ગયા. "દીકરી! આ તો જીવનું પાણી છે." શકુંતલા હવે એમને દવા આપવા ઈચ્છતી નહોતી. એ દીવાનખાનામાં આવીને સૂઈ ગઈ.

ભારતી કયારેક ભાનમાં આવતા, કયારેક બેભાન થઈ જતા. એકવાર ભાનમાં આવ્યા, ત્યારે નીલકંઠ બ્રહ્મચારીએ કહ્યું, "અમાનુલ્લા ખાં પર લેખ લખીને કાલે પહોંચાડવાનો છે." અમાનુલ્લા ખાં એ વખતે અફઘાનિસ્તાનના રાજા હતા. અંગ્રેજ સરકારના કટ્ટર વિરોધી હતા. અત્યંત સાહસ ખેડનારા હતા.

ભારતીનું અંતિમ વાકય હતું,

"કાલે હું જરૂર કાર્યાલયમાં જઈશ."

પણ તે જ રાત્રે લગભગ દોઢ વાગે ભારતીનો દેહ પડ્યો. સવાર થયું.

ભારતીના મૃત્યુના ખબર મિત્રોને અપાયા. વકીલ દુરૈસ્વામી અય્યર, હિન્દી પ્રચારક વી. હરિહર શર્મા, નીલકંઠ બ્રહ્મચારી, વી. શંકર રેડ્ડી, સુરેન્દ્રનાથ આર્ય, મંડયમ શ્રીનિવાસચારી, કૃષ્ણસ્વામી શર્મા વગેરે ભારતીના મૃતદેહને કૃષ્ણામ્બેટ્ટૈ સ્મશાન ઘાટ સુધી લઈ ગયા, જ્યાં એમનો અગ્નિદાહ કરવામાં આવ્યો. અગ્નિ સંસ્કાર કરતાં પહેલાં એમના મિત્રોએ ભારતીને તમિલ અને તેલુગુમાં શ્રદ્ધાંજલિ આપતાં ભાષણો કર્યાં. બધા મળીને વીશ જણ હતા.

તમિલ ભાષાને સમૃદ્ધ કરનારા, તમિલવાસીઓમાં નવી જાગૃતિ ઉત્પન્ન કરનારા, તથા દેશને નવો માર્ગ ચીંધનારા મહાકવિની દેહલીલા આ પ્રમાણે સંકેલાઈ.

ભારતી-એક આદર્શ

ભારતી પાસેથી યુવાનોએ ઘણું બધું શીખવા જેવું છે.

મુખ્ય તો ત્રણ ગુણ ગ્રહણ કરવા જેવા છે.

દેશપ્રેમ, જાતિભેદનો વિરોધ, તથા નારી મુક્તિ.

દેશપ્રેમની ધરી છે. માતૃભાષા માટે પ્રેમ, તથા માતૃભૂમિની તરફ ભક્તિ. ભારતી કહે છે, કે "પરમપિતા તથા આદ્યાશક્તિ આ ભૂમિ પર જ વિચરતા રહ્યા છે."

"તમિલનાડુનું નામ લેતાં જ જાણે,
કાનોમાંહીં અમૃતસંચાર થાતો."

તમિલનાડુ તરફના એમના પ્રેમનું આ સુંદર ઉદાહરણ છે.

માતૃભાષા તમિલની તો એ આરાધના કરતા હતા. ભારતીની દેશભક્તિ માતૃભાષા, તમિલનાડુ તથા ભારતદેશ એ ત્રણેનો પવિત્ર સંગમ છે.

ભારતી ઈચ્છતા હતા, કે ભારતમાં ગરીબ અને ધનવાન બધાને કશાય ભેદભાવ વિના સુખ મળે. ગાંધીજીએ તો અછૂતોદ્ધારની ઝૂંબેશ પછીથી ચલાવી, ભારતી તો એ પહેલાં જ અછૂતો જોડે હળતા મળતા, અને સામાજિક નિયમોને ઠોકરે મારીને એમની જોડે ખાતાપીતા.

ભારતી માનતા કે જન્મથી કોઇને ઊંચ કે નીચ માનવા એ ભયંકર પાપ છે. એ રીતે ધર્મને કારણે ઉત્પન્ન થતા મતભેદોની પણ એમને ખૂબ ચીઢ હતી. એમની દૃષ્ટિએ બધા ધર્મો સમાન હતા. એમણે ઈશુની પણ આરાધના કરી હતી, અલ્લાહની પણ.

સમાજમાં અર્ધોઅર્ધ વસ્તી સ્ત્રીઓની છે. નિવેદિતા દેવીએ કહ્યું હતું, કે જો નારીઓ ગુલામ રહેશે, તો ભારતને મળનારી સ્વતંત્રતા પણ અર્ધી સ્વતંત્રતા જ ગણાશે. એ વાત ભારતીના મનમાં બરાબર દૃઢ થઈ ગઈ.

"કરવો નહિ કદિ અનાદર નારીઓનો.
તે જીતતો જગતમાં નરનારીમાં જે
રાખે ન ભેદ, સમભાવ જ સ્થાપનારો."

"તમિલો, ઈશ્વર પર વિશ્વાસ રાખો" એ હતો ભારતીનો મંત્ર. એ કહેતા કે ભગવાન આળસુઓનું રક્ષણ નથી કરતો. રૂઢિવાદી આચાર ને વર્તનને કારણે જે સમાજ જડ થઈ ગયો હતો, તેની તરફ તેમને ચીઢ હતી. એઓ માનતા કે સમય પ્રમાણે સમાજમાં પરિવર્તન લાવવું જોઈએ, અને નવાં શાસ્ત્રોનું નિર્માણ કરવું જોઈએ.

ભારતી કોઈ પણ વિષય વિષે વાત કરતા, ગમે તેવી પરિસ્થિતિ વિષે બોલતા, ત્યારે નિરાશાનો સૂર કદિ કાઢતા નહિ. હંમેશાં જે કંઈ બોલતા, લખતા, તેમાં આત્મશ્રદ્ધા નજરે ચઢતી. આ એમની વિશેષતા છે, કે જેને યુવાનોએ અપનાવવી જોઈએ. એ પોતાની ઈચ્છા અનુસાર જીવતા અને હંમેશાં પ્રફુલ્લ રહેતા. તેથી જ તો સોનેરી ભવિષ્યની એમને ઝાંખી થઈ હતી.

કર્તવ્યનિષ્ઠા, પ્રામાણિકતા, સાહસ, અને સ્પષ્ટતા ભારતીના મહાન ગુણો હતા. ક્યાંક પણ અન્યાય જુએ તો એની સામે બંડ ઉઠાવતા. એનાથી ડરીને ભાગતા નહિ. ક્યાંક પણ દુષ્ટતા જોતા તો કહેતા, "એની પર હુમલો કરીને એના માંગીને ભુક્કા કરી દો." એ હતો એમનો ઉપદેશ.

ભારતીમાં આત્મવિશ્વાસ હતો, સ્વાભિમાન હતું, પણ જરાય ઘમંડ નહોતું. એ વિશ્વકક્ષાના ચિંતક હતા, પણ બધાના સાદા સીધા મિત્ર હતા. બાળકો અને ગરીબો તરફ તો એમને ખાસ પ્રેમ હતો.

એટલું જ નહિ માણસ સિવાય પશુપંખીને તો એ ખૂબ ચાહતા. સાગર અને પહાડોને તો એ આત્મીય સ્વજન માનતા.

એ એક પળ પણ નવરા બેસી રહેતા નહિ. હંમેશાં કામમાં મશ્ગૂલ રહેતા. જીવનની પ્રત્યેક પળનો ઉપયોગ કરતા.

એમને વિષે જાણીને આપણને એ બોધપાઠ મળે છે, કે આપણે પણ ઉત્સાહી રહેવું જોઈએ, જીવનની એક પળ પણ ગુમાવવી જોઈએ નહિ, અને મહેનત કરતા રહેવું જોઈએ.

ભારતવાસીઓના સોનેરી જીવનનાં કેટલાંય સ્વપ્ન ભારતી જોતા હતા. કેટલાંક સ્વપ્નો તો ફળ્યાં છે, અને બાકીનાં સ્વપ્નો ફળે એને માટે આપણા યુવાનોએ કામે લાગી જવું જોઈએ.

ભારતીના સ્વપ્નોનો પરિચય આપતી એ કવિતાનું ઉદાહરણ આપતાં, આપણે આ પુસ્તકને પૂરું કરીએ :—


"મનમહીં વિશ્વાસ હોજો,
મીઠાશ હોજો વાણીમાં.
કલ્યાણ હોજો વિચારમાં,
ને વિચારીએ તે પામીએ.

એટ્ટયપુરમમા ભારતીનું સ્મારક



આપણાં સૌ સ્વપ્નો ફળે,
જલદી જલદી બને સાકાર,
ધન મળે, સુખ મળે,
ધરતી પર ઈજ્જત મળે,
ખુલજો દૃષ્ટિ આપણી,
સિદ્ધિ સૌ કાર્યમાં.
નારીનાં મુક્ત બંધન થતાં
ઈશ્વર તણું રક્ષણ મળે.
ધરતીમાં વૃક્ષો લતા
ફળ ફૂલથી પડે લચી,
સ્વર્ગ ઊતરે ઉપરથી.
સત્યમેવ જયતે,
ઓમ ઓમ ઓમ.

ભારતીનું ચિત્ર



ભારતી પત્ની વેલ્લમ્મા સાથે →

Printed at Jugnu offset 1/11828 Panchsheel Garden Navin Shahdara, Delhi

